Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 27, Issue No. 07 10th April, 2023 Annual Subscription Rs. 50=00


વર્ષ : ૨૭, અંક : ૦૭ ૧૦મી એપ્રિલ, ૨૦૨૩ વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦



હરિઃૐ આશ્રમ, સુરતના ભૂમિપૂજનની વિધિ સમયે શ્રી ઝીણાભાઈ બંને કર જોડી ઉપસ્થિત હતા.
તા. ૨૩-૪-૧૯૫૬, સમય : રાત્રે ૧૨ વાગ્યે

આશ્રમની પહેલાંયે જેની પસંદગી થઈ,
કેવા કેવા તબક્કામાં તપશ્ચર્યા કર્યા કરી.
નિર્મોહી પૂર્ણ નિર્લોભી, સદ્‌ભાવ ધારી જીવને,
જે જે મળે બધાંનેયે ચાહ્યા કરે ખરા દિલે.

'કૃપા', પ્ર. આ., પૃ. ૪ શ્રીમોટા




(ઝૂલણા છંદ-ઢાળ : પ્રભાતિયું)

શું લખું, કોને લખું, વળી કેટલું ક્યાં લખું ?
શ્રોતા વકતા બધું, એક ભાસો,
એક છે એક છે, એક પણ બહુરૂપે,
ખેલ ખેલે જુદા, એમ ભાસો,
'હું' અને 'તું' નથી, 'એ' જ છે 'એ' જ છે,
સત્ય સમજી જતાં, ભેદ નાસો,
'મારું' 'તારું', 'તોહ'નું સરવનું,
દષ્ટિ ફરતાં, બધુ 'એક' થાશે.

- શ્રીદાસાનુદાસ દયાનંદ તીર્થ

'વીણેલાં ફૂલ', ભાગ-૨, પૃ. ૩૪૧

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૭ અંક : ૭ એપ્રિલ, ૨૦૨૩



**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મેનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન



**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૯૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિ:ૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે. આ વેબસાઈટ અંગે ડૉ. શૈલેષભાઈ ગોટીનો મો. નં. ૯૮૭૯૯ ૦૮૯૮૦ ઉપર સંપર્ક કરી શકાશે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦



* Subject to Ahmedabad Jurisdiction



મુદ્રણશુદ્ધિ : અંબિકા હરેશ પંડ્યા
ટાઈપ સેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪
ટાઈટલ : મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩


## અનુક્રમ


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી ................ શ્રીમોટા | ૪ |
| ૨. | ભગવાનનાં દર્શનની અસર અંગે ........ શ્રીમોટા | ૫ |
| ૩. | જેવો રાગ તેવું મનનચિંતવન ........ શ્રીમોટા | ૬ |
| ૪. | ઈશ ઉપનિષદ ........ શ્રી હેમાડપંત | ૭ |
| ૫. | હું સ્ત્રીને સ્ત્રીનો ધર્મ અને પુરુષને પુરુષનો ધર્મ બતાવું છું ........ શ્રીમોટા | ૯ |
| ૬. | પૂજ્ય શ્રીમોટા સાથેની મારી સોદાબાજી ........ શ્રી કરસનભાઈ પટેલ | ૧૦ |
| ૭. | સહજ સાધના ........ શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૪ |
| ૮. | ચેતનાનિષ્ઠાનો સંબંધ નિમિત્ત-આધારિત છે ... શ્રીમોટા | ૧૫ |
| ૯. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે : ૬ ........ શ્રીમતી કોકીલા બારાઈ | ૧૬ |
| ૧૦. | મહામના મોટા ........ પ્રતાપભાઈ ઉપાધ્યાય | ૧૯ |
| ૧૧. | વાસનિક ત્યાગી અને નિર્વાસનિક ગૃહી ........ શ્રીજી મહારાજ | ૨૦ |
| ૧૨. | પ્રાર્થના અને પૂજ્ય શ્રીમોટા ..... શ્રી રમણલાલ પાઠક | ૨૨ |
| ૧૩. | એ તો સદ્‌ગુરુની લીલા છે ...... શ્રી કાર્તિકેય અ. ભટ્ટ | ૨૩ |
| ૧૪. | મેરુ રે ડગે પણ જેનાં મનડાં ડગે નહિ ........ શ્રી એચ. જે. શુક્લ | ૨૫ |
| ૧૫. | ભાવભર્યું આમંત્રણ ....... શ્રી લવાછા હરિ:ૐ મંડળ | ૨૬ |


## અનુષ્ટુપ

કેવી કેવી રીતે વ્હાલો આપ્યાં નિમિત્ત તે કરે,
વ્હાલાંને સંકળાવાને સ્મૃતિ મારી વિશે હ્દે.
કરેલું કોઈનું કામ મિથ્યા ના વ્યવહારમાં,
તો મિથ્યા કેમ તે થાય પારમાર્થિક ભાવમાં ?

'ભગતમાં ભગવાન', ૬ ઠ્ઠી આ., પૃ.૨૮૩ .......- શ્રીમોટા

# (૧) પદ્યપ્રસાદી

**શ્રીમોટા**

અનુષ્ટુપ હરિઃૐ દોહરા

(૧)

સંભાર્યા હરિ વિના તો કર્મપ્રારંભ થાય ના,
કર્મ જ્યાં જે થતું હોય ત્યારેય હરિ યાદ ત્યાં;
થતાં, થયેલ સૌ કર્મ પાછાં શ્રીહરિનાં પદે
—સમર્પીને, થવાનું છે હળવાફૂલ અંતરે.

(૨)

‘જન્મવું, જીવવું, પાછું મરવું’, ક્રમ નિત્યનો,
એવા જટિલ સંસારે ભજવો હરિ દોહ્યલો;
છતાં કોઈક તો એવા હરિને ભજનાર છે,
ભજતાં ભાવથી કર્મ કર્યે જતાં જ હોય છે.

(૩)

નામના જેટલું મોટું સાધન, બીજું કોઈ ના,
નામીથી નામ મોટું છે, લાગે સાચું ન તે છતાં-
નામથી નામી તો કેવો તે ઓળખાય છે બધે !
તેથી માહાત્મ્ય જાણીને નામનું; નામ લીધું છે.

(૪)

વગાડી ઢોલથી જોરે જગતલોકને કથું,
મૃત્યુટાણે તમો પદે સંદેશો મૂકતો જઉં.
શો કેટકેટલો લાભ સ્મરણથી મળી શકે !
જાતે અનુભવી ઊંડા સાદે પોકારું લોકને.

‘ભાવકણિકા’, પ્ર. આ., પૃ.૨,૧૧,૮૧

‘ભાવજ્યોતિ’, પ્ર. આ., પૃ.૧૦૯ ❑

**વૈશાખે** ઝુરું પિયુ વિના, દિલડું બહુ અકળાય;
ટળે વિષમતા ન ઉરથી, ન સૂઝે એકે ઉપાય.

**વૈશાખે** વિધવા સમ હરિ ! રંડાપો શોભે શીર;
માથે છતાં જીવતા વરે, રંક છે તગદીર.
તુજ વિના હરિ ! ઉરનું કોણ મળે જગમાંય ?
હાથ માથે જે ફેરવે હૃદય શાંતિ છવાય.

કટક કીડી પર આવિયું, તોય ખોલું ન દ્વાર;
શું અધિકારી રંક ના ચૂમવા તુજ પાય ?
લળી લળી ! વીનવું આતુર લાગું ન નાથ ?
કે નવ દર્શાવે પ્રેમ તું ! ક્યારે ટળશે તાપ ?

અંતર તણા ઊંડાણથી શ્રદ્ધાભાવેથી રંક;
ચરણકમળ તવ ભીંજવું તોયે લેશે ન અંક ?
જેવું કેવું ઘર, તમ તણું જાણી કરજો વાસ;
દયા દામોદર દિલ ધરી અર્પો ઉર-વિલાસ.

ઉરનું કો’ અહીં નવ મળે જઈ જેની હું પાસ;
ઊભરો કાઢું દુઃખનો કે વળે હૈડે હાશ.
ઉરના સ્વજનની પાસ હું, રડું હૈયાનું દુઃખ;
રંક હૈયું હળવું કરી, અર્પજે ઉર સુખ સંદેશ.

સંદર્ભ : પ્રાર્થનાંજલિ - ‘પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ’માંથી સાભાર. આ પુસ્તક હવે પ્રગટ થવા જઈ રહ્યું છે. ❑

અનુષ્ટુપ

ઘડ્યો સદ્‌ગુરુએ ભાવે કેવો ! બનાવિયો મને
- મૂળના રૂપથી સાવ શો પલટાવિયો હૃદે ...૧૫
હરિ સર્વસ્વ મારું છે હરિને અર્પણ સમું
- મારી કને કશું ના કે જે એને ધરી શકું...૧૬

‘ભગતમાં ભગવાન’, છઠ્ઠી આ, પૃ.૬ - **શ્રીમોટા**

## (૨) ભગવાનના દર્શનની અસર અંગે

**શ્રીમોટા**

આપણા દેશમાં સુરતના ચૂનીલાલ હતા. એમણે સરકાર સાથે બારડોલીનું સમાધાન કરાવ્યું. એમની સાથે (મારે) એક-બે વાર સમાગમ થયેલો.

અંગ્રેજ સરકારના વખતમાં તેઓ ફાઈનાન્સ મિનિસ્ટર હતા. તેઓ પંઢરપુર ગયેલા. એમને છેક મૂર્તિ પાસે લઈ જઈને દર્શન કરવા માટે ઊભા રાખ્યા. એ અડધો કલાક ત્યાં ઊભા રહ્યા. વિઠ્ઠલનાથજીની મૂર્તિની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં, એ એમણે પ્રત્યક્ષ જોયું. એટલે પોતાને પણ રડવું આવ્યું.

આ ચૂનીભાઈ, સર પુરુષોત્તમદાસના સગા ભાઈ થાય. પોતે રડે છે એનું પણ ભાન ન રહ્યું. પછી ભગવાનની મૂર્તિની આંખમાંથી આંસુ બંધ થઈ ગયાં, એટલે એમની આંખમાંથી પણ આંસુ બંધ થઈ ગયાં. પછી પૂજારી કહે, 'હવે બહુ વખત થયો માટે બહાર નીકળો.'

આ અનુભવ એમણે મને કહ્યો. મેં એમને કહ્યું કે આ અનુભવ થયો એ સાચું. તમને પણ અશ્રુ આવ્યાં એ ખરું, પણ એનાથી તમારા જીવનમાં કંઈ ફેરફાર થયો ? કે આચરવાની પદ્ધતિ બદલાઈ? કે તમારું ધ્યેય વધારે વિચારવાળું થયું ? તમારું થિંકિંગ (વિચારણા) માત્ર ભગવાન વિશે જ થયું ? કોઈ જાતનો ફેરફાર તમારામાં થયો ? એ મારે જાણવું છે, કારણ કે સામાન્યપણે ભગવાનનું દર્શન થાય ત્યાર પછી તો સમગ્ર બંધારણમાં કોઈ પ્રકારનો ફેરફાર આવી જાય. ભગવાનનું દર્શન થયાની સ્થિતિએ પહોંચ્યા પછી નેગેટિવ (નકારાત્મક) સ્થિતિમાં તમે હો તોપણ તમારા માનસમાં ભગવાન પરત્વેનો ભાવ સતત રહે. એટલી જ થિક્નેસથી (ગાઢતાથી), વેરાઈટીથી - (વિવિધતાથી) અને ગુણવત્તાથી એ કાયમ રહે છે.

તો તમને આમ રહે છે ?

તેઓ કહે 'ના, મન તો ભટક્યા કરે છે.'

મેં એમને કહ્યું કે, 'ભાગવત-ઉપનિષદ વગેરેમાં છે કે ભગવાનના દર્શન કર્યા પછીથી મન એકમાં જ રહે. જે તમારા અનુભવ સાથે મળતું આવતું નથી.'

તેઓ કહે, 'આ ઇલ્યૂઝન્ (ભ્રમણા) હોય એમ હું માની શકતો નથી, કારણ કે મારી આંખે મેં જોયું છે. પ્રત્યક્ષ જોયેલાનો હું ઇન્કાર કરી શકતો નથી.'

મેં સ્પષ્ટતા કરી કે, 'મારો ઇરાદો તમને ચળાવવાનો નથી, પણ મારે તો જાણવું છે કે તમને એથી શું વિશેષતા થઈ ? સામાન્ય મનુષ્ય જેવી સ્થિતિ હતી ત્યારે અને તમને જે આ દર્શન થયા પછી તમારી સ્થિતિ કેવી થઈ, એ જાણવાની મારી ઇચ્છા છે.' પછી એમણે વાત પડતી મૂકી.

માણસોને આવું થાય એનો છેક જ અર્થ નથી એમ મારે નથી કહેવું. એની છાપ છે. જે આપણા ત્રણ બીઈંગ - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરમાં આ દર્શનની છાપ - ભગવાનની મૂર્તિમાંથી આંસુ પડતાં જોયાં અને એમની આંખમાંથી પણ આંસુ પડ્યાં એની છાપ, એ ત્રણે શરીરમાં પ્રવેશે. એમાં ફેર નહિ.

પ્રવેશ થયો છે તો તેનો ઉઠાવ કેમ નથી થતો ? કારણ કે તમારા વિચારો-સંસ્કારો એટલા બધા સજ્જડ થયેલા છે તે જેમ જેમ ઓછા થતા જશે, તેમ તેમ આ સંસ્કારો ફૂટતા જશે. આ એક જિંદગી જશે પછી નવી જિંદગીમાં એ સંસ્કારો ફૂટતા જશે.

...ભગવાન માટેનું થિંકિંગ - એનું મનન-ચિંત્વન કોઈ ઉપયોગી નથી એ માન્યતા તદ્દન ખોટી છે. એથી ઊલટું એ આપણા જીવનમાં બહુ ઉપયોગમાં આવે છે. એ મેં જાતે અનુભવ્યું છે. એમ ને એમ હું નથી કહેતો.

'ગ્રહ-ગ્રહણ', પ્ર.આ. પૃ. ૧ ❑

# (૩) જેવો રાગ તેવું મનનચિંતવન

**શ્રીમોટા**

જીવ ક્યાં લપટાયો છે તેની પારખવાની એક રીત એ કે એકની એક બાબતના જેના જેના વિચારો વારંવાર આવ્યા કરતા હોય, તેમાં તેમાં જીવ લપટાયેલો છે, એમ સમજવું.

**જેવા પ્રકારના વિષયમાં મન ચોંટે છે તેવા પ્રકારનું મન બને છે.** એટલે મનનો ચોંટવાનો વિષય કોઈ ઉચ્ચ આત્મા હોય અને તેમાં ઘણી લાગણી જન્મતી હોય તો તે આસક્તિ નથી. **જેવા પ્રકારનો રાગ તેવા પ્રકારનું મનનચિંતવન.** જો આપણું મનનચિંતવન ઊંચા પ્રકારનું થતું રહેતું આપણે અનુભવીએ, તો તેવા પ્રકારનો રાગ જીવને ઊંચે લઈ જાય.

ઘણા સંતભક્તોએ ભગવાનને એનાં ચરણ-કમળમાં, હૃદયથી હૃદયને આસક્ત બનાવવા કાજે પ્રાર્થના કરેલી છે. **'ચરણકમળની આસક્તિ' એ તો વૈષ્ણવ સંપ્રદાયની એક લાક્ષણિક સાધના છે**. એવા ઉચ્ચ પ્રકારની 'આસક્તિ' એ તો ત્યાં આસક્તિ શબ્દ છે એટલું જ માત્ર, બાકી આસક્તિનો જે પ્રચલિત અર્થ છે, તે અર્થ ત્યાં ગણવાનો નથી.

મૂળ અર્થ તો આસક્ત એટલે ચોંટી ગયેલું. એટલે મન, લાગણી, વૃત્તિ, ભાવના આદિ કાં તો જીવ સ્વભાવના વિષયમાં ચોંટી જાય કે આત્માના વિષયમાં ચોંટી જાય. હવે જો કોઈ સંતાત્મામાં જીવતીજાગતી જ્ઞાનપૂર્વકની ભાવના અને લાગણી ઘણી ઘણી જન્મે અને તેમાં આસક્તિ પામે તો આપણું મન પણ તેવા પ્રકારનું બને.

આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર ઉચ્ચ આત્મામાં-સંતાત્મામાં ખરેખરી રીતે અને પૂરેપૂરી આસક્તિ પામ્યાં છે કે કેમ તે આપણે સમતા અને તટસ્થાપૂર્વક પૂરેપૂરું સમજવાનું છે, નહિતર તો અજ્ઞાનમાં અને ભ્રમણામાં આપણે પડી જઈશું. બીજું એ સમજવાનું છે કે જેનામાં મન, વૃત્તિ, લાગણી, ભાવના વગેરે આસક્તિ પામે તે ખરેખરા સંતાત્મા છે કે કેમ તે પણ હૃદયથી જાણવાનું રહે છે.

સંતાત્માની આપણને શી પરખ હોય ? પરંતુ જેના વિશે આપણા મનમાં સંપૂર્ણ ખાતરી અને ભરોસો હોય અને જેના વિશે શ્રદ્ધાવિશ્વાસ પૂરેપૂરાં પાકાં થયેલાં હોય અને જેની બાબતમાં મન કશી સગડગ ન અનુભવતું હોય અને તેનાથી કરીને આપણે સતત ઊર્ધ્વગામી થયા કરતાં હોઈએ અને આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ જીવનના ધ્યેયના ચિંતવનમાં સતત રચનાત્મકપણે વહ્યાં કરતાં હોય, તો તેવો જીવાત્મા જગતના ઇતર જનોના ખ્યાલમાં ભલે ન હોય, ખ્યાતિમાં ન હોય કે બીજા કોઈ તેને સંતાત્મા ન ગણી શકતા હોય, પણ આપણે મન તો તે જરૂર સંતાત્મા છે.

આપણો પ્રાણ અનેક સ્થળોમાં, કંઈ કંઈ જીવોમાં રાગ, મોહ, મમતા, આસક્તિમાં લપટાવાની તૈયારીમાં પડે છે, તો સ્થૂળ રીતે નહિ તો સૂક્ષ્મ રીતે આપણો જીવ ક્યાં લપટાયો છે અને તે પારખવાની શી રીત છે એવા પ્રશ્નના જવાબમાં આટલી ઉપર જણાવેલી સ્પષ્ટતા કરી છે...

અમે સાચું કહીએ છીએ કે અમને અનેક તરફથી ઘણો ત્રાસ થાય છે. માટે જે કંઈ કરીએ, બોલીએ કે વિચારીએ તેનો પૂરેપૂરો અર્થ સમજીને બોલીએ તો તે યોગ્ય ગણાય.

'જીવનમંડાણ', ચોથી આ., પૃ. ૧૨૯ ❑

## (૪) ઈશ ઉપનિષદ

**શ્રી હેમાડપંત**

પ્રો. ર. દ. રાનડે કહે છે, 'ઈશોપનિષદ તદ્દન નાનું ઉપનિષદ છે, છતાં તેનાં ઘણાં સૂત્રો અસામાન્ય વેધક દૃષ્ટિવાળાં છે. લોભ, લાલચ, દુઃખની વચ્ચે પણ નિશ્ચયબળથી રહેતા આદર્શ ઋષિનું વર્ણન, આત્માનું ગૂઢ વર્ણન, તેમ જ કર્મયોગ-સિદ્ધાંતનું દર્શન તથા જ્ઞાન-કર્મનો મેળ એ સર્વ ગહન વિષયો આ નાના ગ્રંથમાં માત્ર અઢાર જ શ્લોકોમાં સમાવી દીધા છે. ઉપનિષદ મુજબ જ્ઞાન તથા કર્મ બંને જરૂરનાં છે અને એ બે વચ્ચેનો બુદ્ધિજન્ય મેળ આ ઉપનિષદના મૂળમાં રહેલા કીમતી ભાવમાં દર્શાવેલ છે. ઉપનિષદની ભાષા જ ગૂઢ, માનસિક, નૈતિક તત્ત્વોનાં સંમિશ્રણ જેવી છે.'

ઈશોપનિષદના અઢારે અઢાર શ્લોકનું મરાઠી ભાષામાં શ્રીસાંઈબાબાના ભક્ત દાસગણુએ કર્યું. છતાં તેનાથી તેઓને સંતોષ નહોતો એટલે શ્રીસદ્‌ગુરુ સાંઈબાબાની સલાહ લેવાનું તેમણે નક્કી કર્યું.

શીરડી આવી બાબાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને ઈશોપનિષદની શંકાઓ જણાવી. આ ઉપનિષદ વેદનો તત્ત્વતઃ સાર છે. આત્મદર્શનનું એ વિજ્ઞાન છે. જીવન-મરણનાં બંધન કાપવાનું તે સાધન છે જેથી મુક્તિ સહજ બને છે.

શ્રીબાબાએ દાસગણુને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે 'તારે ચિંતા કરવાની જરૂર નથી. આ બાબત કંઈ બહુ અઘરી નથી. તું ઘેર જઈશ ત્યારે વિલેપાર્લેમાં કાકા દીક્ષિતને ત્યાં જ તેની ઘાટણ છોકરી તારી આ શંકાનું સમાધાન કરશે.'

આ સમયે જેઓ ત્યાં બેઠેલા હતા તેઓને તો એમ જ લાગ્યું કે બાબા તો મજાક-ટોળ કરતા લાગે છે, કેમ કે અભણ અજ્ઞાન ઘાટણ છોકરી આ પ્રકારની શંકાનું સમાધાન ક્યાંથી કરી શકશે ? પણ દાસગણુને બાબામાં સંપૂર્ણ શ્રદ્ધા હતી કે બાબાનાં વચન બ્રહ્માના લેખ જેવાં છે.

દાસગણુ શીરડીથી નીકળી વિલેપાર્લે જઈ કાકા દીક્ષિતના ઘેર ઊતર્યા. બીજે દહાડે સવારે તે હજુ પથારીમાં જ હતા (કોઈ કહે છે કે પૂજા કરતા હતા) ત્યાં જ કાકાની ઘાટણ છોકરીને સ્પષ્ટ મીઠા રાગમાં એક સુંદર ગીત ગાતી સાંભળી. એ ગીત નારંગી રંગની સાડી વિશેનું હતું. સાડી સુંદર હતી, તેનું ભરત મજેનું હતું, તેના કોરપાલવ રૂપાળા હતા એવું વર્ણન હતું.

દાસગણુને આ ગીત બહુ ગમી ગયું. નીચે આવીને જોયું તો એ ઘાટણ છોકરી ઠામવાસણ માંજતાં માંજતાં એ ગીત ગાતી હતી. તેણે દેહ પર એક ફાટેલી સાડીનો લીરો પહેર્યો હતો. તેની આવી ગરીબ સ્થિતિ છતાં આવો આનંદી સ્વભાવ જોઈને દાસગણુને તેના પર દયા આવી.

બીજે દહાડે એ ગરીબ છોકરી સારુ એક સાડી લાવી દેવા એમ.વી. પ્રધાનને વિનંતી કરી. શ્રી પ્રધાન એક સરસ ચૂંદડી લઈ આવ્યા અને છોકરીને આપી. છોકરી ખૂબ રાજી થઈ.

બીજે દહાડે નવી સાડી પહેરી રાજી થતી આનંદમાં તે નાચવા લાગી, પણ વળતે દિવસે આ નવી સાડી ઘેર પેટીમાં મૂકી દીધી અને પેલો જૂનો ફાટેલો સાડીનો લીરો પહેરીને તે આવી, છતાં તે નવી સાડી પહેરીને આવેલી ત્યારે તે જેટલા આનંદમાં હતી એટલો જ આનંદ બીજે દિવસે પણ તેના દિલમાં હતો.

આ જોઈને દાસગણુને દયાના સ્થળે અચંબો થયો. પ્રથમ પોતે માન્યું હતું કે છોકરીને ગરીબાઈને લીધે આવું ફાટેલું ચીંથરું પહેરવું પડે છે, પણ હવે તો તેને નવી સાડી મળી છે તે પેટીમાં રાખી મૂકીને પેલું જૂનું ચીંથરું જ પહેર્યું છે તે છતાં દિલમાં તલભાર શોક કે નિરાશા થયા વગર કાલના જેવી જ તે આનંદથી નાચેકૂદે છે.

દાસગણુ સમજી શક્યા કે **આપણાં સુખદુઃખના ભાવનો આધાર આપણા મનના વલણ પર છે.** આ બનાવ પર ઊંડું ચિંતન કરતાં તેમણે જોયું કે ઈશ્વરે આપણને જે કંઈ આપ્યું છે તે આનંદથી ભોગવી છૂટવું. આપણી આગળપાછળ સર્વ ચીજો ઈશ્વરે જ સર્જી છે અને આપણને જે કંઈ આપ્યું છે તે સર્વ આપણા શ્રેય સારુ જ છે એવો દૃઢ વિશ્વાસ રાખવો.

ઈશોપનિષદમાં આવા સંતોષનો જ પાઠ આપેલો છે કે જે કંઈ બને છે તે પ્રભુના હુકમથી જ થાય છે અને અંતે તેમાં આપણું કલ્યાણ જ હોય છે. માટે પ્રાપ્તસ્થિતિથી આપણે સંતોષ માનવો જોઈએ. બાબાએ આવું વ્યવહારુ દૃષ્ટાંત દાસગણુને સ્પષ્ટ બતાવ્યું.

ઈશોપનિષદનો નૈતિક બોધ મનોવિજ્ઞાન પર નિર્ભર છે. પ્રારંભમાં જ કહ્યું છે કે દરેક ચીજમાં ઈશ્વર વ્યાપ્ત છે. ઈશ્વરે આપણને જે કંઈ આપ્યું છે તે આનંદથી ભોગવી છૂટવું. વળી, એ પણ સંપૂર્ણ ખાતરીથી માનવું કે પ્રભુ સર્વજ્ઞ, સર્વ-વ્યાપક હોવાથી તેણે જે કંઈ આપ્યું છે તે આપણા કલ્યાણ માટે જ છે. બીજાની સંપત્તિ કે માલમિલકતની કદી ઈર્ષ્યા ન કરવી. પ્રાપ્ત સ્થિતિથી સંતોષ માનવો. ઈશોપનિષદની બીજી નૈતિક વાત એ છે કે, માણસે પોતાનું સમગ્ર જીવન પ્રભુની ઈચ્છાને આધીન બનીને શાસ્ત્રોમાં કહેલાં કર્મો કરવામાં જ પ્રવૃત્ત રહેવું. અકર્મ એટલે આળસ-તે તો આત્માનો શત્રુ છે. સમગ્ર જીવન કર્મ કરવામાં ગાળવાથી જ માણસ નૈષ્કર્મ્યની સ્થિતિ પામે છે. આ ગ્રંથમાં નોંધ છે કે માણસ સર્વ જીવમાત્રને પોતાનામાં અને સર્વ જીવમાત્રમાં પોતાનું દર્શન કરે છે, તેનામાં વિકાર જ ક્યાંથી હોય ? સર્વ ચરાચર જગત પોતાના આત્મમય જ તે માને છે તેથી દુઃખનું કારણ જ તેને ક્યાંથી હોય ?

સર્વ ચરાચરમાં આત્માનું દર્શન નહિ કરી શકવાને લીધે જ આળસ, વિકાર અને દુઃખ પેદા થાય છે.

'શ્રીસાંઈ સચ્ચરિત્ર', પાંચમી આ., પૃ. ૧૫૫ ❑

અનુષ્ટુપ

પૂછ્યા વિના હરિને કૈં મારાથી કશું થાય ના,
જેમાં સંમતિ પૂરી છે, હરિની તે જ થાય ત્યાં ...૧૦
સંતોષ હરિને થાય, રાજી જેથી હરિ થતો,
એવા સૌ કર્મનાં પુષ્પો હરિ પદે ચઢાવતો ...૧૪

'ભગતમાં ભગવાન', ૬ઠ્ઠી આ, પૃ.૬ - **શ્રીમોટા**

## (૫) હું સ્ત્રીને સ્ત્રીનો ધર્મ અને પુરુષને પુરુષનો ધર્મ બતાવું છું

શ્રીમોટા

લગ્નજીવનમાં પુરુષો, સ્ત્રીઓ ઉપર માલિકી હક્ક ભોગવવાનો સ્વભાવ રાખતા હોય છે. પોતે માનતા હોય છે એ જ પ્રમાણે પત્નીએ વર્તવું જોઈએ. પોતાનું ધાર્યું જ બધું થવું જોઈએ. પત્નીએ પતિની ઇચ્છાઓને આધીન થવું જોઈએ એવી માન્યતા પુરુષોમાં દૃઢ થયેલી છે.

વળી, સ્ત્રીઓમાં અક્કલ, બુદ્ધિ, લાગણી કે ભાવના હોતી જ નથી, અને એ તો માત્ર પુરુષને અનુકૂળ રહેવાને જ સર્જાયેલી છે, એવી ભાવના આપણા સમાજના પુરુષવર્ગમાં પ્રચલિત છે. સ્ત્રીઓમાં કશી આવડત ન હોય, સમજણ ન હોય, એવા અભિપ્રાયો પણ પરંપરાથી સાંભળેલા છે. આથી, આવી માન્યતાઓ દૃઢ થયેલી છે.

**હું જેમ સ્ત્રીને સ્ત્રીનો ધર્મ બતાવું છું તેમ પુરુષને પુરુષનો ધર્મ દર્શાવું છું.** પુરુષ, પત્ની ઉપર ગુસ્સે થઈ શકે અને પત્ની જો ભૂલેચૂકે પણ ગુસ્સે થઈ તો તે પતિથી સહી ન શકાય. બધી જ બાબતોમાં પત્નીએ પતિને પૂછીને જ ચાલવું પડે, પૂછ્યા વિના એક પણ ડગલું આગળ ના ચલાય એવી આપણા સમાજની મનોદશા છે. આવા સમાજની સ્ત્રીઓ કેવાં બાળકોને જન્મ આપે? જ્યાં સ્ત્રીઓની માનસિક સ્થિતિ માત્ર એક ગુલામ જેવી હોય ત્યાં બીજી આશા શી રીતે રાખી શકાય ?

જો હૃદયનો પ્રેમભાવ વહ્યા કરતો હોય તો ગુલામી પણ ના સાલે. એના જીવનને સમજવાનો જો જીવતોજાગતો પ્રયત્ન રહ્યા કરતો હોય તોય ઘણું છે. એને પણ આત્માની વેલ છે. એને ફાલવા-ફૂલવાની મહત્ત્વાકાંક્ષા અંતરમાં હોય છે, એ આપણે સમજવાની ખાસ જરૂર છે.

અથડામણના પ્રસંગોમાં જે જીવતોજાગતો રહ્યા કરશે, એ જીવનનો આનંદ મેળવી શકવાનો છે. પ્રસંગો કંઈ એમ ને એમ આવતા નથી, એ આવવાનું કારણ આપણી પોતાની જ માનસિક ભૂમિકા છે. **આપણા જીવનમાં જે જે કંઈ બને છે, તે બધાના દોષને પાત્ર આપણે પોતે જ છીએ, બીજું કોઈ નથી.** પત્નીના જીવનમાં જે કંઈ બને છે, તેના દોષને પાત્ર પણ તે પોતે જ છે, કારણ કે કર્મ-સંજોગાનુસાર જે તે કંઈ બનતું હોય છે. એટલે વર્તમાનમાં જો જીવનની શુદ્ધિની દૃષ્ટિથી વર્તીશું તો ભૂતકાળ નડવાનો નથી.

મારાં સ્વજન એ તો મારું જિગર છે અને તેમનાં ભાવ-ચેતના-પ્રાણ વડે તો મારે જીવવું છે, તેમ જ તેમનામાં કામ કરવું છે, તમને બધાંને ભગવાનની કૃપાથી જિવાડવાને કૃપા કરીને તમારી સાથેનો સંબંધ રાખ્યો છે.

જીવન એક સીધી બારીનો માર્ગ નથી. જીવનમાં અનેક આંટીઘૂંટી, અનેક મુશ્કેલીઓ અને ગૂંચો ઊભી થવાની છે. મરદ માણસ તેથી ગભરાતો નથી. એનો સામનો કરે. એવા એ સામનામાંથી જીવનમાં ચેતનાશક્તિ પ્રગટ્યા કરે છે.

સંસારવહેવારમાં જે બધાં મળેલાં છે, તે બધાં કર્મ-પ્રારબ્ધ ભોગવવા માટે મળેલાં છે. એટલે તેમની સાથેનું આપણું વર્તન જો સાંસારિક રીતનું રહે તો નવું કર્મપ્રારબ્ધ ઊભું થાય.

**સ્વજનો સાથેનું મારું વર્તન તેમની એકમાત્ર કલ્યાણપ્રવૃત્તિ અર્થે જ છે. પરંતુ એની પ્રતીતિ સર્વ કોઈને એકદમ થતી નથી.**

'દાંપત્યભાવના', છઠ્ઠી આ., પૃ. ૭૪ ❑

## (૬) પૂજ્ય શ્રીમોટા સાથેની મારી સોદાબાજી

શ્રી કરસનભાઈ પટેલ

*(શ્રી કરસનભાઈ પટેલનો સુરત મુકામે તા. ૧૪-૨-૨૦૨૩ના રોજ દેહાંત થયેલ છે. તેઓશ્રી આદરણીય સ્વામી નિત્યાનંદ સાથે તેમ જ શ્રી વિમલા ઠકાર સાથે સંકળાયેલ હતા. સાથોસાથ પૂજ્ય શ્રીમોટા સાથે તેઓશ્રી જે પ્રકારે સ્વજન તરીકે જોડાયા તેની વિગતો આ અગાઉ 'હરિભાવ'ના માહે સપ્ટેમ્બર, ૨૦૧૪ના અંકમાં તેમના જ નિવેદનસ્વરૂપે જે પ્રકાશિત થયું હતું તે સદ્‌ગતશ્રીને શ્રદ્ધાંજલિ સ્વરૂપે આ અંકમાં પુનઃપ્રકાશિત કરીએ છીએ. - સંપાદક)*

પૂજ્ય શ્રીમોટાને હું જીવનમાં ફક્ત બે વાર મળ્યો છું ને તેય અલપઝલપ. સ્વ. શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રીની દીકરીનાં લગ્નમાં આશીર્વાદ આપવા પૂજ્ય શ્રીમોટા પધારેલા ને હું શ્રી વૈકુંઠભાઈના ઘરથી ત્રીજા ઘેર રહેતો હતો તેથી મારે તેમની સાથે પરિચય થયેલો ને પરિણામે મને લગ્નમાં પધારવાનું આમંત્રણ મળેલું તેથી પહેલી વાર એમને મળવાનું બન્યું. બીજી વાર શ્રી વૈકુંઠભાઈની ઉધના ખાતેની ફૅક્ટરીનું ઉદ્‌ઘાટન પૂજ્ય શ્રીમોટા કરવાના હતા ને એમાં મને અમૂક ફરજ સોંપાયેલી તેથી હાજર રહેલો. પરિણામે એમનાં દર્શન થયેલાં. આ બે પ્રસંગ સિવાય હું મોટાને ક્યારેય મળ્યો નથી ને આ બેઉ પ્રસંગે મને એમના પ્રત્યે ખાસ કોઈ શ્રદ્ધા ઉત્પન્ન થઈ ન હતી. એનાં બે મુખ્ય કારણ. એક તો પૂજ્ય શ્રીમોટા ભગવાં કપડાંધારી, જટાધારી, રુદ્રાક્ષની માળાઓધારી, ભભૂત લાગેડલા કોઈ જોગી જેવા પ્રભાવશાળી દેખાતા ન હતા. અને બીજું કારણ એ કે મારો ઉછેર ઉત્તર ગુજરાતના ગામડામાં થયેલો. માબાપ ધાર્મિક વૃત્તિવાળાં હોવાથી અવારનવાર ગામમાં આવતા બાવાઓ-સાધુઓ અમારે ઘેર એક-બે દિવસ રહે. એમાંના ઘણા વ્યસની, ગંજેરી અને અપલક્ષણવાળા હોય એવું મેં કિશોર વયે જોયેલું. પરિણામે સાધુ-બાવાઓની જમાત સમાજ પર બોજારૂપ છે એવો મત બંધાઈ ગયેલો. પૂજ્ય શ્રીમોટાને પહેલી વાર મળ્યો ત્યારે અમેરિકાથી ડિગ્રી લઈને સ્વદેશ આવેલો. તે વખતે મારી ઉંમર ૩૦ વર્ષની અને ઉધના-સ્થિત એક અમેરિકન કંપનીના મૅનેજર હોવાનું અભિમાન પણ ખરું.

અમેરિકન કંપની છોડી ૧૯૬૯માં મેં ઉધનામાં નાનું કારખાનું સ્થાપી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો ને એમાં ખૂબ આર્થિક માર ખાધો. **મારું બધું અભિમાન ઓસરી ગયું ને આધ્યાત્મિક ખોજ શરૂ થઈ.** એ જ વખતે શ્રી રજનીભાઈ બર્માવાળા જે અમારી અમેરિકન કંપનીમાં કામ કરતા હતા ને જે નોકરી છોડીને હરિઃૐ આશ્રમમાં સેવક તરીકે જોડાયા હતા એમનો રસ્તામાં ભેટો થઈ ગયો. એમના ખૂબ આગ્રહથી, ખાસ ઇચ્છા ન હોવા છતાં હરિઃૐ આશ્રમ પર જહાંગીરપુરા ગયો. આશ્રમનું વાતાવરણ પહેલી જ મુલાકાતે સ્પર્શી ગયું. આથી, અવારનવાર ત્યાં જતો થયો. કોઈ વાર મારાં પત્ની લક્ષ્મીબહેન અને બાળકોને લઈને પણ આશ્રમે જાઉં. કોઈ વાર પૂજ્ય

શ્રીમોટા આશ્રમમાં હોય ને પોતાના રૂમના ઓટલા પર બેઠા હોય તો લક્ષ્મીબહેન અને બાળકો એમને પ્રણામ કરવા જાય, પણ હું રસોડા તરફ જાઉં કે આમતેમ આંટા મારું પણ પૂજ્ય મોટાને પ્રણામ કરવા ન જાઉં કારણ કે મને એમના પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ્યો ન હતો.

મુંબઈની એક કંપનીને સિનેમાનાં પ્રોજેક્ટર બનાવીને આપવાનો ઑર્ડર મને મળેલો, એટલે અવારનવાર મુંબઈ જવાનું થાય. ત્યાં એકવાર મારા ત્યાંના મિત્ર સાથે વજ્રેશ્વરી જવાનું થયું ને ત્યાં ગણેશપુરીસ્થિત મુક્તાનંદ બાબાના આશ્રમથી અભિભૂત થયો. એ આશ્રમે પછીથી તો ઘણી વાર જવાનું થયું ને ત્યાંના રસોડામાં પૂજ્ય મુક્તાનંદ બાબા સાથે પૂજ્ય શ્રીમોટાનો મોટો ફોટો જોયો. અરે ! આ તો અમારા મોટા. શું એ એટલા મોટા છે કે જેમને મેં ગુરુ સ્થાને સ્થાપ્યા છે તે શ્રી મુક્તાનંદ બાબા આમ ગળે લગાવે ? સુરત આવી હરિઃૐ આશ્રમે પૂજ્ય મોટાને મળવા ગયો તો જાણ્યું કે એમણે તો ચાર વર્ષ પહેલાં દેહ છોડી દીધો છે. વસવસો થયો. પૂજ્ય શ્રીમોટા લેખિત થોડાં પુસ્તકો ખરીદ્યાં અને વાંચ્યાં. સરળ ભાષામાં કહેવાયેલી અધ્યાત્મની ઊંચી વાતો. જાણે કે રામકૃષ્ણ પરમહંસ ન બોલી રહ્યા હોય. આશ્રમની મુલાકાતો વધતી ગઈ ને મુ. શ્રી નંદુભાઈ અને શ્રી ઝીણાકાકા સાથે સંબંધ ગાઢ થતો ગયો.

ધંધામાં હજુ તકલીફો તો હતી જ પણ જીવન સ્થિર થતું જતું હતું. મેં આપસૂઝથી મેટાલિક યાર્ન સ્લીટીંગ મશીન બનાવેલું. આજકાલ સાડીઓના ભરતકામમાં જે પ્લાસ્ટિક જરી વપરાય છે તે બનાવવાનું મશીન. મશીન કાંઈ એટલું સારું ન હતું પણ ભારતમાં અમે બે જણ જ તે બનાવતા હતા. એક હું અને બીજા સુરતના જ શ્રી સન્મુખભાઈ જરીવાળા. એટલે અમારાં મશીન વેચાતાં હતાં. સન્મુખભાઈનાં વધારે ને મારાં ઓછાં.

આટલી પૂર્વ ભૂમિકા બાંધી હવે પૂજ્ય શ્રીમોટા સાથે મેં જે સોદાબાજી કરેલી એ વાત પર આવું. તારીખ બરાબર યાદ છે. તે હતી ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૧. મારા કારખાના પર આઈ.સી.સી. ગાંધી સિલ્ક મિલ્સના માલિક શ્રી જગુભાઈ જરીવાળા આવ્યા. આવડો મોટો માણસ મારે ત્યાં ? મેં તેમને કહ્યું કે તમે ફોન કર્યો હોત તો હું તમને મળવા આવત. તેઓએ કહ્યું કે મારે કામ છે એટલે મારે તારે ત્યાં આવવું પડે. મારે તારાં બે મેટાલિક યાર્ન સ્લીટિંગ મશીન જોઈએ છે. શું ભાવ અને ક્યારે આપે ? મેં કહ્યું, એક તો તૈયાર છે ને બીજું એક મહિના પછી. ભાવ સવા લાખ રૂપિયા. પણ જગુભાઈ તમે મશીન લેવા નથી આવ્યા. ભાવ કઢાવવા આવ્યા છો. કારણ મને ખબર છે કે તમારે ત્યાં સન્મુખભાઈનાં છ મશીન ચાલે છે. એટલે તમે મારાં મશીન શું કામ લો ? તેઓએ સ્પષ્ટતા કરી કે ‘પટેલ, તારી વાત સાચી છે પણ જ્યારે મેં એ છ મશીન લીધેલાં ત્યારે સન્મુખ મારો મિત્ર હતો. હવે એ મારો વેવાઈ થયો છે. મારી દીકરી એના દીકરા સાથે પરણાવી છે. ને પટેલ તું જાણે છે કે મશીન છે તે ભાઈ બગડેય ખરું ને

એમાં નાના-મોટા ઝઘડાય થાય. હવે એ ઝઘડો મને પોસાય નહિ. કારણ હું ઝઘડો કરું તો મારો જમાઈ મારી દીકરીને દુઃખ દે.' આ વાત મગજમાં બેસે એવી હતી. એમણે બીજા દિવસે લેખિત ઑર્ડર અને એડવાન્સ મોકલી આપવાનું કહી વિદાય લીધી.

એ સાંજે છ વાગ્યે હું હરિઃૐ આશ્રમે ગયો. પગમાં જોર હતું. પૂજ્ય શ્રીમોટાને પગે લાગી નદીની પાળ પર બેઠો. વાતાવરણ શાંત હતું. કોઈની ચહલપહલ ન હતી. અચાનક મને સ્ફુરણા થઈને બોલ્યો, **'મોટા, જગુભાઈ વાત કરી ગયા છે તે મુજબ જો બે મશીનોનો ઑર્ડર ખરેખર આપે તો હું એક મૌનરૂમ બંધાવીશ.' ક્ષણમાત્રમાં મને એક ઘોઘરો અવાજ સંભળાયો. 'બોલ લાઈન લગાડી દઉં ?'** અવાજ સાંભળી મને આશ્ચર્ય થયું. આજુબાજુ જોયું તો કોઈ ન હતું પણ મને અવાજ સંભળાયો હતો એ સાવ સાચી વાત. ને નવાઈની વાત એ હતી કે એ અવાજ કાનોથી નહોતો સંભળાયો. પણ છાતીમાં જ્યાં અનાહત ચક્ર છે ત્યાં તે સંભળાયેલો ને એના ધબકાર હું હજુય અનુભવી રહ્યો છું. એ અવાજ પૂજ્ય મોટાનો જ હતો કારણ મેં એમને બે વાર સાંભળેલા છે. આશ્ચર્યના ભાવ સાથે ઘેર આવ્યો.

બીજા-ત્રીજા કે ચોથા દિવસેય જગુભાઈનું ઍડ્વાન્સ ન આવ્યું કે ન એમનો ફોન આવ્યો. મને ખાતરી થઈ કે જગુભાઈ મારી પાસે ભાવ કઢાવવા જ આવેલા, મશીનો તો તે સન્મુખભાઈનાં જ લેશે.

પહેલી માર્ચે સવારમાં ઑફિસે પહોંચ્યો તો બે માણસો મારી રાહ જોતા બેઠેલા. અમે મહારાષ્ટ્રમાં માલેગાંવથી આવીએ છીએ. અમારે તમારું મેટાલિક યાર્ન સ્લીટિંગ મશીન જોઈએ છે. ક્યારે આપો ને ભાવ શો ? ભાવ સવાલાખ રૂપિયા ને ડિલિવરી એક કલાક પછી. પેલાએ બેગ ખોલી સવા લાખ રૂપિયાની નોટોનો ઢગલો મારા ટેબલ પર કર્યો. કહે ગણી લો ને ટ્રાન્સપોર્ટવાળાને ફોન કરી બોલાવો.

બપોર થતાં થતાં બીજો ગ્રાહક મશીન નોંધાવી ઍડ્વાન્સ આપી રવાના થયો. સાંજ પડતાં ત્રીજો ગ્રાહક આવતાં મેં એને પૂછી જ પાડ્યું. 'ભાઈ, વરસમાં માંડ એક ગ્રાહક આવે છે ને આજે તમે ત્રીજા ગ્રાહક છો એનું કોઈ કારણ ?' તો કહે તમે રેડિયો પર બજેટના સમાચાર સાંભળતા લાગતા નથી. ગઈ કાલે ૨૮મી ફેબ્રુઆરીએ બજેટ જાહેર થયું એમાં મેટાલિક યાર્ન પર એક્સાઈઝ ડ્યૂટી હતી તે નીકળી ગઈ છે. આથી મારા જેવા વેપારીઓ જે એક્સાઈઝના ઑફિસરોનો ત્રાસ વેઠવા તૈયાર ન હતા તે આ ધંધામાં પડતા નહોતા. હવે બધા ઝંપલાવશે ને તમારે ત્યાં લાઈન લાગશે.

ત્રીજે દિવસે જગુભાઈની પધરામણી થઈ. પટેલ 'લે આ રૂપિયા ને પેલું મશીન મોકલી આપ ને બીજાં બે મશીન ક્યારે આપે છે તે કહે.' જગુભાઈ હવે મશીનની કિંમત દોઢ લાખની થઈ ને ડિલિવરી ત્રણ મહિના પછી મળે કારણ હું મહિને એક મશીન બનાવી શકું છું. થોડાક નારાજ થયા પણ જૂના ભાવે ત્રણ

મશીનોનો ઑર્ડર આપીને તેઓ ગયા.

**પછીના દિવસોમાં ગ્રાહકોની રીતસરની 'લાઇન જ લાગી.'** ઘણા પાંચ છ મહિનાની ડિલિવરી સાંભળી ચાલ્યા ગયા, કેટલાકને ભાવ ઊંચો પડ્યો પણ ઘણા જણ ઑર્ડર આપી ઍડ્વાન્સ આપતા ગયા.

હવે મેં મારા કારીગરોની મિટિંગ બોલાવી. જુઓ અત્યાર સુધીમાં આપણે મહિને એક મશીન બનાવતા હતા. હવે તમે ઓવર ટાઇમ કરો, હું માણસો વધારી બીજી પાળી શરૂ કરું ને મહિનાના અંતે જેટલાં મશીન જાય એટલાગણો તમારો પગાર. બે મશીન જાય તો બમણો ને ત્રણ જાય તો ત્રણગણો. ઝાડુવાળાને પણ ત્રણગણો પગાર મળે.

ફેક્ટરી ધમધમતી થઈ, માણસો વધાર્યા. ત્રીજા મહિને તો ત્રણ મશીનો રવાનાં થયાં. વેચાણમાંથી સપ્લાયરોને માલ ડિલિવરી કરે એની સામે જ પેમેન્ટ. પેમેન્ટ કરતાં જે પૈસા વધે તે ઘરના લોખંડના કબાટના ચોર ખાનામાં થપ્પીઓ ભરતો જાઉં. ને એક દિવસ જોયું કે હવે ખાનામાં એકેય થોકડી જાય તેમ નથી ત્યારે **મારાથી બોલાઈ ગયું કે 'મોટા, હવે બસ. હવે આનાથી વધુ ધન નહિ જીરવાય.'**

ને આશ્ચર્ય. બીજે દિવસે ફેક્ટરી પર ગયો પણ આખા દિવસમાં એક પણ ગ્રાહક ન આવ્યો. એટલું જ નહિ આગલા દિવસે મશીન બુક કરી ગયેલા ગ્રાહકે બેલગામથી ફોન કરી ઑર્ડર કેન્સલ કર્યો. **પાછલાં અગિયાર વર્ષમાં મેં પાંચ મશીન વેચેલાં. આ પાંચ મહિનામાં સોળ મશીન. એક રૂપિયાનું દેવું નહિ ને કબાટનું ખાનું નોટોથી ઠસોઠસ.**

મોટાની સાથેના મારા સોદાનો પૂર્વાર્ધ પૂરો થયો. હવે મારે શરત મુજબ મૌનરૂમ બાંધી આપવાનો હતો. પણ શ્રી નંદુભાઈ માને જ નહિ. આખરે મારે એમને મારી મોટા સાથેની એક્સચેન્જ ઑફરની વાત કરવી જ પડી. તેઓ હસ્યા ને ખૂબ વિનવણીને અંતે મૌનરૂમ બાંધવાની મને રજા મળી. **મૌનરૂમ નંબર ૨નું સર્જન આ રીતે થયું.**

મોટા પાસે મેં પૈસા એટલા માટે માગેલા કે મારે ગામડામાં જમીન ખરીદી ત્યાં ઘર બાંધી રહેવું હતું. હાલમાં સુરત પાસે જે ૨૧ વીઘા જમીન ઉપર મુક્તાનંદ ફાર્મમાં મારું ઘર છે તેની ખરીદી મોટાએ લગાડેલી લાઇનના પૈસાથી કરાઈ છે. એની કિંમત ચૂકવી ને દસ્તાવેજ કર્યા પછી કબાટના પેલા ખાનામાં હાથ પહોંચે ત્યાં સુધી ફંફોસી જોયું તો ફક્ત પાંચ રૂપિયાની નોટ નીકળી જે અગાઉ મેં જ મૂકેલી હતી.

પૂજ્ય મોટાનો કેવો પાકો હિસાબ ? જમીન માટે મને કેટલા રૂપિયા જોઈશે તેની મને ખબર નહિ ને ખાનામાં કેટલા ભર્યા છે એની પણ મને ખબર નહિ પણ મોટાને બધી ખબર. એટલે યોગ્ય સમયે લાઇન સ્વિચ ઑફ કરી દીધી ને આવેલો ઑર્ડર પણ કેન્સલ કરાવ્યો.

સંતની સમક્ષ જે બોલો તે એકેએક શબ્દ વિચારીને બોલો ને જે બોલો તે પાળી બતાવો. **સંત ભોળપણ ચલાવી લે, મૂર્ખામી ચલાવી લે, પણ ચાલાકી ક્યારેય નહિ. હરિઃૐ** ❑

## (૭) સહજ સાધના

**શ્રી રણછોડદાસજી મહારાજ**

**એક બહેન :** બાપુ ! હું લખવા - વાંચવાનું જાણતી નથી. એના કારણે શ્રીરામચરિતમાનસજી કે ગીતાનો પાઠ-સ્વાધ્યાય કરી શકતી નથી એનું મને ભારે દુઃખ છે.

**શ્રીગુરુદેવ :** મા, પહેલાં એ બતાવો કે સત્સંગ, કથાશ્રવણ કે ભજનકીર્તનમાં તમે જાવ છો કે નહિ ?

**બહેન :** હા, બાપુ ! ભજનકીર્તન તો મને ખૂબ પ્રિય છે. રામાયણની પાઠશાળામાં રોજ જઉં છું. ભજન, સ્તુતિ, આરતી જે યાદ છે તેનો પાઠ કરી લઉં છું. આપે જે દીક્ષામંત્ર આપ્યો છે તેની એકત્રીસ માળા રોજ કરું છું, પણ રામાયણ, ગીતાજી કે અન્ય કોઈ ધર્મગ્રંથ વાંચી શકતી નથી.

**શ્રીગુરુદેવ :** (ખૂબ હસીને) જુઓ મા ! તમે જે રામમંત્ર પ્રાપ્ત કર્યો છે તેનો જાપ આપ કરો છો. ભગવાનના નામનો પ્રેમપૂર્વક જપ કરવો એટલે ભગવાન માટે જીવનું પ્રવૃત્ત થવું. મનુષ્યનો મુખ્ય ધર્મ છે કે ભગવાનનું સ્મરણ, ચિંતન, અને મનન કરે. એ તો તમે કરો છો. આને તમે એકડએક સમજો.

હવે મા, કહો કે ઘરમાં સાસુસસરાની સેવા તો કરો છો ને ?

**બહેન :** મારી સાસુ બીમાર હતાં ત્યારે મેં એમની સેવાચાકરી સારી રીતે કરી હતી. ત્રણ વર્ષ ઉપર તેમનો દેહાંત થયો છે. મારા સસરા તો પિતાતુલ્ય પ્રેમાળ છે. શાંતિથી માળા જપ્યા કરે છે.

**શ્રીગુરુદેવ :** મા, સાંભળો, સાસુસસરા માટે જો આટલો પ્રેમ, સદ્ભાવ અને આદર તેમ જ સેવાભાવ છે, તો તે જ પ્રત્યક્ષ ધર્મ છે. જીવન-વ્યવહારમાં સ્વધર્મ ને કર્તવ્ય પ્રેમપૂર્વક કરીએ તો તે જ ઉત્તમ ધર્મ છે. હવે હું જે વાત તમને સમજાવવા માગું છું તે ખૂબ ધ્યાનથી સાંભળો અને સમજો. ભગવદ્સ્મરણ અને જપને હું એકડાનો અંક ગણું છું. પછી પ્રેમ, સેવા, સદ્ભાવ, સદાચાર તેમ જ કર્તવ્યપાલનના શુદ્ધ આચરણ દ્વારા એ એકડા ઉપર તમે એટલાં જ મીંડાં ચડાવી દીધાં છે !

મા ! બરાબર સાંભળો. એકડા ઉપર એક મીંડું ચડાવવાથી દસનો અંક થઈ જાય છે. બે મીંડાંથી સો અને ત્રણ મીંડાંથી એક હજાર થાય. તમે કેટલાં બધાં મીડાં ચડાવી દીધાં છે ! એટલે તમે બહુ જ સંપત્તિવાન છો. શ્રીગીતા કે રામાયણમાં જે લખેલું છે એ તો તમારા જીવનમાં ઓતપ્રોત છે. માટે ચિંતા છોડો. ત્રણે કાળમાં તમારો કોઈ જ અનર્થ થઈ શકશે નહિ.

તમારી જીવનસાધનામાં કોઈ જ ત્રુટિ કે કમી નથી. વિશ્વાસ રાખો અને હંમેશાં પ્રસન્નચિત્ત રહો. તમારા મોક્ષની પૂરી જવાબદારી હું લઉં છું, મા ! બસ ને ? હવે તો દુઃખ નીકળી ગયું ને ? પ્રસન્ન રહેશોને ?

માનું મુખડું અત્યંત પ્રસન્ન થઈ ગયું. શ્રીચરણોમાં વારંવાર મસ્તક નમાવી પ્રેમાશ્રુ સાથે કહેતાં રહ્યાં કે બાપુ ! આજે આપે મારા મનનું બહુ મોટું દુઃખ દૂર કરી દીધું છે. બીજાંઓને ગીતા-રામાયણ વગેરેના પાઠ કરતાં જોઈને મારા મનમાં હંમેશાં નિરાશા અને ગ્લાનિ રહ્યાં કરતાં હતાં.

**શ્રી ગુરુદેવ :** જુઓ મા ! તમારા મનની બધી ગ્લાનિ, નિરાશા, ચિંતા, બધું આજે અત્યારે મને ભેટમાં દઈ દો. પછી સભાને સંબોધતાં શ્રીગુરુદેવ બોલ્યા કે, 'શુભ સંસ્કાર ન હોય તો સદ્ભાવ, સદાચાર, સહિષ્ણુતા અને સેવાભાવ વગેરે પાળી જ ન શકાય. આ અમારી સંસ્કૃતિનું મૂર્તિમંત સ્વરૂપ છે!'

'શ્રીગુરુદેવ કી સંનિધિ મેં', ભા-૨, પૃ. ૩૭૪ ❑

## (૮) ચેતનાનિષ્ઠાનો સંબંધ નિમિત્ત-આધારિત છે

**શ્રીમોટા**

સને ૧૯૨૧ની આખરમાં મેં દેશની આઝાદીની લડતમાં ઝંપલાવેલું. ત્યારે ભગવાનના માર્ગનો મને બિલકુલ કોઈ ખ્યાલ નહિ. હું તો તે કાળે એમ માનતો કે આ બધા સાધુ-મહાત્માઓ છે તે Economic burden on the society છે-આર્થિક રીતે સમાજના ઉપર આ લોકો ભારરૂપ છે એમ હું માનતો અને સાચે જ એમ માનતો.

તેમ છતાં એક સાધુએ આવીને મને પકડ્યો. હું તો નડિયાદમાં હઉં અને એ રહે અમદાવાદમાં. એનું શરીર બંગાળનું હતું. અમદાવાદમાં એલિસબ્રીજ છે-ત્યાંથી સામે ટાઉનહૉલ તરફ જઈએ તો જમણા હાથ ઉપર નદીમાં એ બેસી રહેતા. ઘણા લોકો એની પાસે જતા-આવતા. દિવસમાં વીસ-પચીસ વાર એ કહે કે નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો.

યોગાનુયોગ નડિયાદના નાનુભાઈ કંથારિયા કરીને હતા તે ત્યાં ગયેલા. એમણે મને વાત કરેલી. મેં પહેલાં તો કહેલું કે મારે ને સાધુને શું કામ છે ? હું નહિ ગયેલો. પણ આખરે એણે મને ખેંચેલો એમ મારે કહેવું જોઈએ.

ત્યારે પરાપૂર્વનો એક સંબંધ છે. હું એને ન ઓળખું. એ મને ન ઓળખે. આ સોએ સો ટકાની સાચી વાત છે. ત્યારે એવા માણસો પરાપૂર્વથી સંકળાયેલા હોય એ પરાપૂર્વનો જે સંબંધ છે, એની સાંકળ છે તે આપણે જાણતા હોતા નથી. આ મારા જીવનનો જ બનેલો પ્રસંગ છે.

એ જાણતો હતો મને, હું એને જાણતો નહોતો. એટલી બધી એને ગરજ. એને ગરજ હતી તે પાછો નડિયાદ આવ્યો અને મને initiate-દીક્ષિત કર્યો. પહેલી વખત એ બે-સવાબે મહિના રહ્યા. બીજી વખતે દોઢ મહિનો અને ત્રીજી વખતે એક મહિનો એ મારી સાથે રહ્યા. આ બાળયોગી એ મારા ગુરુમહારાજ શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજીના શિષ્ય હતા. એમણે જ મોકલેલા.

ત્યારે આવા પુરુષોનો જે સંબંધ છે એ નિમિત્તનો છે. અને નિમિત્તની એક પરંપરા છે અને એ નિમિત્તના કારણે આપણે ભેગા થયેલા છીએ. હું તમને મળેલો છું, તમે મને મળેલા છો. મારા જીવનના કેટલાય બીજા દાખલાઓ હું તમને આપી શકું.

...તમે મારા માટે ભાવના પ્રગટાવો તો સારું છે. મારે તો હજુ કશું નથી. પ્રગટાવો કે નહિ પ્રગટાવો તો મારે તો જે સંબંધ છે તે છે. તમારી સાથેનો મારો સંબંધ કદી ગમે તે થાય તોપણ એ એવો ને એવો જ રહેવાનો છે.

આજે મારો સંબંધ છે એ ભગવાનનો આપેલો છે. હું કંઈ નંદુભાઈને શોધવા ગયો નહોતો. અથવા નંદુભાઈને કહેવા નહોતો ગયો કે ભઈ, તું મારી પાસેથી આ વિદ્યા શીખ. કોઈની સાથે હું સંબંધ ખોળવા ગયો નથી. આપમેળે મળ્યા છે, કોઈ ઠેકાણે તમે પૂછો. સુરતમાં હું બિલકુલ અજાણ્યો. તદ્દન અજાણ્યો. નડિયાદ તો મારા શરીરનું ગામ એટલે બધાને જાણું-કરું. પણ નડિયાદમાંયે હું કોઈ દિવસ શહેરમાં ગયો નથી.

મને એટલી બધી ખાતરી છે કે પ્રારબ્ધને કારણે જેની જેની સાથે મારે નિમિત્ત છે તે મને મળવાના જ છે. પછી જો હું પ્રયત્ન કરું તો હું મિથ્યા ઠરી જઉં આપમેળે.

'શ્રીમોટા વાણી-૩', બી. આ., પૃ. ૩૩ માંથી સાભાર ❑

## (૯) પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે : ૬ 	શ્રીમતી કોકીલા બારાઈ

**પરમ પૂજ્ય શ્રીમોટાની કરુણાનો અહેસાસ**

'गुरु गोविंद दोनों खडे' - काको लागुं पाय ।
बलिहारी गुरु आप की - गोविंद दियो बताय ॥

શ્રી કબીરજીના આ દોહાનો અર્થ જ્યારે ભણવામાં આવતો હતો ત્યારે અર્થસભર શબ્દોમાં તેનો અર્થ લખી નાખતા. કિંતુ જ્યારે પરમ પૂજ્ય શ્રીમોટાના સમાગમમાં આવ્યા ત્યારે જીવનમાં એ જીવાયો-અનુભવાયો. પરમ પૂજ્ય શ્રીમોટા કોઈને શિષ્ય ન બનાવતા. કિંતુ તેમના સત્સંગ કે સંપર્કમાં કોઈ વ્યક્તિ એકવાર પણ આવે તો તેનો અહેસાસ તેમને પોતાના જીવનમાં અનુભવાય. સહૃદયી, પ્રેમાળ, નિઃસ્વાર્થ પ્રેમ આપનાર અને બોલ્યા વગર પોતાના સંપર્કમાં આવનાર વ્યક્તિને સહાય કરનાર, તેની મુશ્કેલીઓને દૂર કરનાર - તે પૂજ્ય શ્રીમોટા જેવા સંત જ કરી શકે. તેમની હાજરીમાં મૌન બેઠા હોઈએ તોપણ મનને શાંતિનો અહેસાસ થાય. પરમ પૂજ્ય શ્રીમોટાની આજ તો ખૂબી છે, વગરબોલ્યે મનની લાગણી સમજી લે.

જીવનમાં સાચા સંતોનો સાથ-સમાગમ થવો-મળવો બહુ દુર્લભ છે. પરમ પૂજ્ય શ્રીમોટા વિષે; 'મૌનમંદિર' વિષે સાંભળેલું. પૂજ્ય શ્રીમોટા મુંબઈ આવતા ત્યારે; કિંતુ તેમના પ્રત્યક્ષ દર્શન નહોતા થયા.

સૌ પ્રથમ પૂજ્ય શ્રીમોટાનો પરિચય-દર્શન મારાં મોટાબહેનનાં લગ્નપ્રસંગે ૧૯૪૯માં મુંબઈમાં થયો. તેમનાં લગ્નમાં પરમ પૂજ્ય શ્રીમોટા આવેલા ને સપ્તપદી ગાયેલી તે હજુ સ્મૃતિપટ પર છે. દર વર્ષે પૂજ્ય શ્રીમોટા ગુરુપૂર્ણિમા કરવા મદ્રાસ જે પરિવારમાં જતાં તે પરિવાર એટલે મદ્રાસમાં રહેતા સમ્માનિત પરિવાર શ્રી છગનલાલ બારાઈનાં ત્રીજા પુત્ર શ્રી બાબુલાલ. પછીથી પૂજ્ય શ્રીમોટા તેમને (બાબુસરકાર) કહેતા. તે પરિવારમાં બહેનનાં લગ્ન થયાં મુંબઈમાં. શ્રી પ્રભુદાસભાઈ જાની 'હરિભાવ'નાં તંત્રીપદે હતા ત્યારે પૂજ્ય શ્રીમોટા સાથે લગ્નનો ફોટો પણ 'હરિભાવ'માં આવેલો.

ત્યાર બાદ થોડાં વર્ષો પછી મારા લગ્ન પણ તે જ પરિવારમાં શ્રી છગનલાલભાઈ બારાઈના નાના પુત્ર શ્રી કિશોરભાઈ બારાઈ સાથે થયા. ત્યારપછી પૂજ્ય શ્રીમોટાના પ્રત્યશ્ર-અંગત પરિચયમાં વધારે અવાયું. એ મારા સદ્ભાગ્ય ગુરુપૂર્ણિમામાં જ્યારે પૂજ્ય શ્રીમોટા ઘરે પધારતા ત્યારે ઘરનું આખું વાતાવરણ જ બદલાઈ જાય. સાત્ત્વિક થઈ જાય. કામ કરવાની અનેરી જુદી જ શક્તિ આવી જાય. શ્રી કિશોરભાઈ પૂજ્ય શ્રીમોટાને સ્નાન કરાવે. પૂજ્ય શ્રીમોટાની સરભરાનું પુણ્યકાર્ય તેઓ સંભાળતા. પૂજ્ય શ્રી નંદુભાઈ પણ સાથે હોય. પૂજ્ય શ્રીમોટા કદી પણ કોઈને શિષ્ય ન બનાવતા. કિંતુ અમારા પરિવારે તેઓને સદ્ગુરુપદે માનેલા. જે સંપર્કમાં આવે તેઓ પૂજ્ય શ્રીમોટાનું વ્યક્તિત્વ જોઈને તેઓને 'ગુરુ' માનતા.

પૂજ્ય શ્રીમોટા સદા કહેતા 'પ્રેમ વગરનું હૈયું શેતાનનું ઘર છે.' તેઓ હંમેશા કહેતા પરિવારમાં પ્રેમથી એકબીજાના સ્વભાવને અનુકૂળ થઈને રહેવું. અમારું ત્યારે ૧૫ જણાનું સંયુક્ત કુટુંબ હતું. હવે તો સંયુક્ત કુટુંબો ભાગ્યે જ જોવા મળે છે. પરમ પૂજ્ય શ્રીમોટાની કરુણાનો તેમની કૃપાના અનુભવ અમારા પરિવારે અનેકવાર અનુભવ્યા છે. આજ પૂજ્ય શ્રીમોટા પાર્થિવ દેહે નથી છતાં તેની ચેતના સજીવ છે, વ્યાપક છે તે પણ અનુભવી રહી છું. તેમની અપાર કૃપા ને કરુણાનો એક પ્રસંગ : મારા પૂ. સસરાનો વેપાર સારો ચાલતો- વેપારની સાથે સાથે તેઓ સટ્ટાના સોદાઓ પણ કરતા. ઘરમાં સૌ મારા પૂજ્ય સસરાને 'ભા' કહીને બોલાવતા. તેઓ તથા મારા પૂ. સાસુ બંને ખાદી ધારી. મારા પૂજ્ય સસરા મારા પૂ. સાસુને 'મા' કહીને બોલાવતા અને મારા પૂ. સાસુની સાડીનો ફેંટો બાંધતા. પૂજ્ય શ્રીમોટાએ શ્રી કિશોરભાઈને કહેલું કે જો 'ભા' સટ્ટાના સોદા કરવાનું છોડી દે તો તમારા બગીચામાં પાંદડેપાંદડે લાઈટ થશે. જાહોજલાલી વધશે. કિંતુ ૧૯૭૧માં સોદામાં ને વેપારમાં મોટી નુકસાની થઈ. સંતોનું કહ્યું ન માનવામાં કેટલો ગેરલાભ થાય તે પ્રત્યક્ષ અનુભવાયું. ને તે છતાં પૂજ્ય શ્રીમોટાની કરુણાનો, તેમની કૃપાનો ને તેમના ભક્તોને કેવી રીતે આપત્તિમાંથી ઉગારી લે છે તેનો અનુભવ થયો. પૂજ્ય શ્રીમોટા મદ્રાસ ગુરુપૂર્ણિમા કરી પછી ત્રિચિ જતા. ત્રિચિ બે દિવસ રોકાઈને કુંભકોણમ્ આશ્રમ જતા. ત્રિચિ શ્રી ગોપાલદાસભાઈ જ્વેલર્સને ત્યાં રહેતા. જે કંપનીમાં પૂજ્ય નંદુભાઈ જેને પોતાની લાઈફ પૂજ્ય શ્રીમોટાને સોંપી દીધેલી તેઓ તે કંું. ના પાર્ટનર હતા. શ્રી ગોપાલદાસભાઈના નાના પુત્ર શ્રી અશોકભાઈ મારા પતિના નાનાપણના મિત્ર. તેથી અમે પણ ગુરુપૂર્ણિમા કરી ત્રિચિ જતા. પૂજ્ય શ્રીમોટા ત્રિચિ શ્રી ગોપાલદાસભાઈને ત્યાં ઊતરતા. ત્રિચિ બે દિવસ રોકાઈને પૂજ્યશ્રી કુંભકોણમ્ આશ્રમમાં જતા. આશ્રમ જતા કાવેરી નદી આવે. પૂજ્ય શ્રીમોટા તેમાં સ્નાન કરવાનું સૌને કહેતા.

એકવાર અમે ત્રિચિથી કુંભકોણમ્ આશ્રમમાં જઈ રહ્યા હતા પૂજ્ય શ્રીમોટાને મળવા 'ત્યારે પૂજ્ય શ્રીમોટા કુંભકોણમ્ આશ્રમમાં હતા. બપોરે ચાના સમયે પહોંચવાના હતા, આશ્રમમાં જણાવ્યું નહોતું. આશ્રમમાં અન્નનો કે કોઈ પણ વસ્તુ તો બગાડ ન થાય તેની કાળજી પૂજ્ય શ્રીમોટા રાખતા. અમે ચાના સમયે પહોંચ્યા. તે પહેલાં જ પૂજ્ય શ્રીમોટાએ રસોઈ કરનાર ભાઈને કહી દીધું હતું કે ચા વધારે બનાવજો. અમે પહોંચ્યા કે તરત રસોઈવાળા ભાઈએ અમને પૂછ્યું, કે તમોએ પૂજ્ય શ્રીમોટાને જણાવેલું કે તમો આવવાના છો ? અમે કહ્યું ના અમારો પ્રોગ્રામ ઓચિંતો થયો એટલે કોઈને જણાવ્યું ન હતું. છતાં અમે બધાએ ચાનો પ્રસાદ સાથે લીધો. ભક્તો માટે આવી અગમ ચેતના ધરાવનાર ને પ્રેમ આપનાર પૂજ્ય શ્રીમોટા જેવા સંત જ આવું કરી શકે. આવા તો ઘણા અનુભવો પૂજ્ય શ્રીમોટાનાં અમોએ આ જીવનમાં અનુભવ્યા છે.

વેપારમાં નુકસાની જતાં અમો રહેતા હતા તે બંગલો ગીરવે મૂકવો પડ્યો. એટલે મારા પતિએ પૂજ્ય શ્રીમોટાને પૂછ્યું હવે શું કરવું ? કેમ થશે ? ત્યારે અમારાં બે સંતાનો નાનાં હતા. ત્યારે પૂજ્ય શ્રીમોટાએ કહેલું ભાઈલા, એક મકાન રહેવા માટે રહેશે. ને તેમ જ થયું. રહેવાને એક મકાન બચી ગયું. આવો તો પૂજ્ય શ્રીમોટાની અપરંપાર કૃપા-કરુણાના અનુભવો અમને ઘણીવાર થયા છે. પૂજ્ય શ્રીમોટાનાં સંપર્કમાં જે કોઈ વ્યક્તિ આવે તે પૂજ્ય શ્રીમોટાનાં વ્યક્તિત્વ - તેમની કૃપાનો અહેસાસ સહૃદયી પ્રેમળતા ભૂલી ન શકે. આજે પૂજ્ય શ્રી પાર્થિવ દેહે નથી છતાં તેમની ચેતનાનો, તેમની કૃપાનો અહેસાસ સર્વ ભક્તો અવારનવાર અનુભવી રહ્યા છે. સુરત આશ્રમમાં 'મૌનમંદિર'નો અનુભવ પણ થયો છે. પૂજ્ય શ્રીમોટા મને કહેતા કે એકવાર મૌનમાં બેસી જો-જેલ નથી. તને નહિ ગમે તો તુરંત બહાર આવી જજે. ત્યારપછી બે વાર બેસવાનું થયું. ત્યારે પૂજ્ય શ્રી ઝીણાકાકા આશ્રમની વ્યવસ્થા સંભાળતા. મૌનમાં બેસવા માટે પૂજ્ય શ્રીમોટાનો રૂમ મળેલો. શરૂમાં રૂમમાં એકલા પડતાં સમુદ્રનાં મોજાંની જેમ વિચારો ઉમડતા. જેમ જેમ 'હરિઃૐ'નો જાપ થતો ગયો તેમ મન શાંત-વિચાર શૂન્ય થતું ગયું. આ પણ પૂજ્ય શ્રીમોટાનો ચમત્કાર, કૃપા-કરુણા જે કહો તે અનુભવી. 'મૌનમંદિર' કરીને પૂજ્ય શ્રીમોટાએ ભક્તોને જે સુવિધા સાધના માટે કરી આપી છે તે અદ્ભુત છે.

પરમ પૂજ્ય શ્રીમોટા જેવા સાચા અર્થમાં પ્રેરણા આપનાર, સંત સમાજને બેઠો કરનાર, સ્ત્રીશિક્ષણને પ્રોત્સાહન આપનાર, સમાજની વ્યક્તિને સાચા પંથ પર દોરી જનાર સંત પૂજ્ય શ્રીમોટા જેવા આ જમાનામાં મળવા મુશ્કેલ છે. મારા શિક્ષણમાં તેમનો મને ખૂબ સહકાર મળેલો. હું લગ્ન પછી ભણી. મને અજ્ઞાત રહી પૂજ્ય શ્રીમોટાએ જે સહકાર ને સહાય કરી છે તે જીવનભર ભૂલાય તેમ નથી. તે પ્રસંગ પણ લખવા જેવો છે, હૃદયમાં અંકિત થયેલો છે. પરમ પૂજ્ય શ્રીમોટાની કૃપાથી બંને ભાઈઓના રહેવા માટે એક એક ઘર રહ્યા છે. પરમ પૂજ્ય શ્રીમોટાએ લખેલી આરતી 'પ્રભુ ચરણ શરણ લેજો' તેમાં પણ જીવન કેવી રીતે જીવવું તેનો બોધપાઠ આરતી ગાતાં મળી રહે છે. શબ્દોમાં વર્ણવી ન શકાય તેવા સદ્ગુરુ પરમ પૂજ્ય શ્રીમોટાનાં ચરણકમળમાં કોટિ કોટિ વંદન. ❑

હરિઃૐ

**ગયેલા આત્માને...**

અમદાવાદનિવાસી વડીલ સ્વજન શ્રી ઇન્દ્રવદનભાઈ સવાઈલાલ શેરદલાલ (શ્રી ઇન્દુકાકા)ના નાનાભાઈ શ્રી અરવિંદકુમાર સવાઈલાલ શેરદલાલનાં ધર્મપત્ની ધર્મિષ્ઠાબહેન અરવિંદકુમાર શેરદલાલ; ઉ.વ. ૭૦નું તા. ૫-૩-૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પૂજ્ય શ્રીમોટા તેઓશ્રીને યશ - કલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના... **- સંપાદક**

## (૧૦) મહામના મોટા

**શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય**

પૂજ્ય મોટાના નામનો ઉલ્લેખ સને ૧૯૪૨ની સાલમાં મેં મારા સદ્ગત મિત્ર શ્રી વજુભાઈ જાની પાસેથી સાંભળ્યો હતો. આશ્રમની શાળામાં અમે સાથી હતા.

શ્રી વજુભાઈ કંઈક સાધના કરી રહ્યા છે અને તેમને કોઈક સંત માર્ગદર્શન આપે છે એવું મેં કોઈક પાસેથી સાંભળ્યું હતું. મને પણ આ માર્ગ પ્રત્યે રુચિ એટલે અમારી મૈત્રી જામી ગઈ.

શ્રી વજુભાઈએ મને કહ્યું કે, 'મોટા કહે છે કે **સતત નામસ્મરણમાં ચિત્ત રહ્યા કરે ને જીવનની તમામ પ્રવૃત્તિઓ થયા કરે એવું થવું જોઈએ.**' આ શબ્દોએ મને ઊંડા વિચારમાં નાખી દીધો. તે કાળે મને તે શબ્દોનો અર્થ પૂરો સમજાઈ ગયો એમ તો નહિ કહું, પણ મને એક દિશા તો મળી ગઈ.

ત્યાર પછી થોડા વખતે પૂજ્ય મોટા આશ્રમમાં આવ્યા ને થોડા દિવસ રહ્યા. આ દરમિયાન મારે તેઓશ્રીનો પરિચય થયો. મને સૌથી પહેલો પાઠ એ શીખવા મળ્યો કે આધ્યાત્મિક સાધના-અને જીવનના પ્રત્યક્ષ વ્યવહારમાં યદ્વાતદ્વાપણું એ અસંગત છે, અનિષ્ટ છે. સમાજમાં તો આનાથી ઊંધી માન્યતા છે. કર્મમાં આવા ગુણોનું પ્રાકટ્ય એક રીતે સાચી સાધનાનો માપદંડ બની રહે છે.

પૂજ્ય મોટા તે વખતે બહુ સુલભ હતા. કલાકો સુધી તેમના સાંનિધ્યમાં બેસવાનું ને વાતચીતો કરવાનું મળતું. તેઓ જીવનસાધનાના અનુભવો કહેતા અને સીધી કે આડકતરી રીતે તેમની પાસેથી માર્ગદર્શનની અપેક્ષા રાખનારને દોરતા. આપણા અંતરમાં પડેલાં અને છુપાયેલાં કુકર્મોના ઉકરડાને પોતાની આંતરદૃષ્ટિથી જોઈ લઈને તેના પર અપાર કરુણાથી તે ઉકરડાને ઉખેળીને આત્મનિવેદનરૂપે આખરે તે મળ બહાર નીકળી જાય તેવી એક સહજ પ્રક્રિયાને તે ગતિ આપતા. આ કારણે જેમને જીવન-વિકાસની સાચી ગરજ કે ભૂખ ન હોય તેને પૂજ્ય મોટાનો સંગ જીરવવો દુષ્કર બની જાય છે. આપણે જો તેમના સંબંધમાં આવ્યા તો પછી આપણામાં જે જે કંઈ જીવનવિરોધી તત્ત્વ તેમને દેખાય તે તરફ પ્રેમથી પણ બેધડક રીતે આપણું ધ્યાન દોરવાના જ. આ તો એમનો જીવનધર્મ બની જાય છે. આમ કરવામાં તેઓ અપાર યાતના અનુભવે છે.

પોતાને મોટાના સ્વજન કહેવરાવનારને જીવન વિરુદ્ધ જે કંઈ હોય તે કેમ ખૂંચતું નથી ? તેની અસહ્ય પીડા તેઓ દિવસરાત ભોગવે છે. એક રીતે કહીએ તો **મોટા, સ્વજનના જીવનમાં કટોકટી ઊભી કરવા જ સતત જીવી રહ્યા છે.** પ્રકાશ અને અંધકાર જેમ સાથે રહી શકતા નથી તેમ જ જીવન અને જીવનવિરોધી તત્ત્વો સાથે રહી ન શકે. આ બાબતમાં યદ્વાતદ્વા જો સ્વજન ચલાવી લે તો એ મોટો દંભ ગણાશે. અને આધ્યાત્મિક જીવનમાં દંભ જેવો કોઈ મોટો શત્રુ નથી.

સંતની શક્તિના પ્રકાશમાં આપણે આપણો માર્ગ શોધી શકીએ તેમ જ સંત પોતાની પ્રેરકશક્તિથી આપણે શોધતાં હોઈએ તે જ ખાસ પગદંડી પણ બતાવી શકે. સંત અનેક રીતે સહાય કરે પણ આખરે ચાલવું તો આપણે આપણા પોતાના પગથી જ પડે.

પૂજ્ય મોટા દ્વારા થતું નવયૌવનોત્થાનનું અને લોકસંગ્રહનું કાર્ય બેનમૂન છે ને અમર રહેશે.

'પૂજ્ય શ્રીમોટા હીરક મહોત્સવ-સ્મૃતિગ્રંથ', પ્ર. આ. પૃ. ૧૫૫ ❑

# (૧૧) વાસનિક ત્યાગી અને નિર્વાસનિક ગૃહી

**શ્રીજી મહારાજ**

શ્રીજી મહારાજે સર્વે પરમહંસોને કહ્યું, 'જે સાંભળો અમે એક પ્રશ્ન પૂછીએ છીએ.' પછી પ્રશ્ન પૂછ્યો - ભગવાનનો એક ભક્ત છે; તે ત્યાગી છે. દેહે કરીને તે સર્વ વર્તમાન (વર્તન-વહેવાર) દઢ રાખે છે. (શરીરથી શુદ્ધ રહે છે, કોઈ પણ નિષિધ કર્મ કરતો નથી) પરંતુ તેને અંતરમાં તો વિષય ભોગવવાની વાસના અતિશય તીખી છે. (ભલે દેહને પવિત્ર રાખે છે પણ મનમાં વિષયભોગની તીવ્ર લાલસા છે. દેહથી જરા પણ ભ્રષ્ટ આચરણ થતું નથી. સંસારની દૃષ્ટિમાં સમાજનાં સ્ત્રી-પુરુષોની દૃષ્ટિમાં તે પરમ ત્યાગી જણાય છે, પરંતુ અંતઃકરણમાં વાસના ભરી છે. અંદરથી નિર્વાસનિક થયો નથી) દેહે કરીને તે ભ્રષ્ટ થતો નથી એવો ત્યાગી છે. હવે બીજો એક ભક્ત છે. તે ગૃહસ્થી છે. તેને દેહે કરીને ધનનો-સ્ત્રીનો પ્રસંગ છે. પરંતુ તેને અંતરથી તેના અંતઃકરણમાં આ બધા ઇંદ્રિયોના વિષયો પ્રત્યે જરા પણ આસક્તિ નથી. તે અંદરથી સર્વ પ્રકારે નિર્વાસનિક છે. એ બેય જણ જ્યારે દેહ મૂકશે (મૃત્યુ થશે) ત્યારે એ બેયની શી ગતિ થશે ? બંને સરખી ગતિ પામશે ? કે પછી ન્યૂન-અધિક થશે ?આ બેય વિશે ઉત્તર આપો.'

પછી ગોપાળનંદ સ્વામી બોલ્યા જે, 'એ' બંનેની ભિન્ન ભિન્ન ગતિ થશે. ત્યાગી જ્યારે દેહ ત્યાગ કરશે ત્યારે એને વિષયો ભોગવવાની તીખી વાસના (તીવ્ર ઝંખના) છે માટે તેને ભગવાન મૃત્યુલોકને વિશે અથવા દેવલોકને વિશે મોટા ગૃહસ્થને ત્યાં જન્મ આપશે, જ્યાં તેને અતિશય વિષયભોગની સગવડ હશે. ગીતામાં ભગવાને આવા ગૃહસ્થીઓને યોગભ્રષ્ટ કહ્યા છે. આવા યોગભ્રષ્ટ આત્માઓને બીજા જન્મમાં પવિત્ર ધનવાનોના ઘરે જન્મ આપે છે. शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टः अभिजायते । જ્યાં તે ધર્મના નિયમોની મર્યાદામાં રહીને સર્વ પ્રકારના ભોગ ભોગવીને એ હરિભક્ત જ્યારે ફરીથી દેહ છોડશે ત્યારે નિર્વાસનિક થઈને, પૂર્વજન્મનો વિષયભોગની ખાસિયતના દોષ વિશે પછતાવો કરી ફરી ભગવાનના ચરણમાં સ્થાન પામશે.

હવે જે હરિભક્ત ગૃહસ્થી હોવાથી તેને ગૃહસ્થને ઉચિત એવા બધા જ ભોગો પ્રાપ્ત હોવા છતાં તેના અંતરમાં-અંતઃકરણમાં જરા પણ ભોગવાસના નથી. પૂરેપૂરો નિર્વાસનિક છે. તે જે કંઈ કરે છે તે ગૃહસ્થ ધર્મના કર્તવ્ય-પાલન માટે જ કરે છે. ઉપનિષદમાં જેને त्येन त्यक्तेन भुंजिथाः કહ્યું છે તે પ્રમાણે ભોગ ભોગવેલ છે. આવો નિર્વાસનિક ગૃહસ્થ હરિભક્ત જ્યારે દેહ છોડશે ત્યારે તરત જ ભગવાનનું બ્રહ્મપુર કહો કે બ્રહ્મસ્વરૂપ કહો, કે હરિશરણ કહો, મોક્ષ કહો, કે મુક્તિ કહો જે કહેવું યોગ્ય લાગે, પસંદ પડે તે કહો, એવા સ્થાનને તે પ્રાપ્ત કરશે. પછી ફરી તેને જન્મ ધારણ કરવો પડશે નહિ.' શ્રીગોપાળાનંદજીના

આ ઉત્તરથી શ્રીજીમહારાજ પ્રસન્ન થયા અને બોલ્યા જે 'ઠીક કહ્યું, એનો ઉત્તર એ જ છે.'

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે 'એવી દૃઢ વાસના (ત્યાગી ભક્તના મનમાં) હોય ને તેની જેને ટાળવાની (એ વાસનામાંથી મુક્ત થવાની) ઇચ્છા હોય તો તે શા ઉપાય કરે ત્યારે ટળે ?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, 'જેવું **ઉકા ખાચર**ને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંતની સેવા કર્યાનું જેને વ્યસન પડે, ને તે વિના તેને એક ક્ષણ પણ રહેવાય નહિ, તો એના અંતઃ-કરણની જે મલિન વાસના છે તે સર્વે નાશ પામી જાય.'

આ વાત આપણને સૌ હરિભક્તો, સંતો, સજ્જનો, સન્નારીઓ સૌને સમજાવે છે કે જો વાસનારહિત થવું હોય તો ભગવાન અને ભગવાનના ભક્તોની નિઃસ્વાર્થભાવે તેમની પાસેથી કાંઈ પણ મેળવવાની અપેક્ષા વિના તેમની સર્વ પ્રકારે સેવા કરવી. વાસનાથી છૂટવાનો એકમાત્ર ઉપાય છે **સેવા**. અને માટે જ તુલસીદાસે સેવા ધર્મને અતિ કઠોર-કઠિન કહેલ છે. પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો, જે 'હે મહારાજ ! જેણે કરીને ભગવાન અતિશય રાજી થાય એવું કયું સાધન છે ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા, 'જ્યારે (ગૃહસ્થના) ઘરમાં (ફક્ત) એક પણ અન્ન મળતું હોય ને ત્યારે (તેની) જેવી સંત ઉપર પ્રીતિ હોય, ને જેવું દીનપણું હોય અને પછી તેને (તે ગૃહસ્થને) એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તો પણ સંતની આગળ (પોતાના ગુરુની આગળ) તે પહેલા જેવો જ દીનહીન બની રહે તેની નમ્રતામાં ગર્વ ન આવે, પોતાનાં પદ કે પ્રતિષ્ઠાનો જેને અહં ન આવે તેને ઇન્દ્રલોક કે બ્રહ્મલોકનું રાજ્ય મળે તોપણ તેના વર્તનમાં વહેવારમાં જરાપણ બદલાવ ન આવે તે પહેલાં જેવો ગરીબ-દીન-નમ્ર બનીને રહેતો હતો તેવો જ રહે તો અને સૌ સંતની 'ટેલચાકરી' ક્રિયાત્મક અને ભાવાત્મક સેવા કરતો રહે તેની સંતમાં-ભગવાનમાં શ્રદ્ધા-ભક્તિ-સેવા-પ્રેમ જેમના તેમ રહે, ઐશ્વર્ય આવે તો પણ અભિમાન ન આવે. તે પોતાને સંતથી ચડિયાતો કે સંતની બરાબરનો ન માને. સાધુ-સંતો સાથે પિતરાઈ દાવો બાંધે નહિ. ગંગાસતી જેને 'બદલે નહિ જેના વર્તમાન રે' કહે છે તેવા શીલવંત સાધુ ઉપર ભગવાન બહુ રાજી રહે છે.'

ભગવાનને છળકપટ નથી ગમતું. તેને ગર્વ-અહમ્ નથી ગમતો, તેને તો 'સરલ સ્વભાવ ન મન કટુલાઈ' એવા ભક્તો બહુ ગમે છે. ભક્તના નિષ્કપટ વર્તનથી ભગવાન બહુ રાજી થાય છે.

'મૌન બોલે છે', ડિસે. ૨૦૧૫ માંથી સાભાર ❑

## (૧૨) પ્રાર્થના અને પૂજ્ય શ્રીમોટા

**શ્રી રમણલાલ પાઠક**

અનેક મહાનુભાવોના તેમ જ પૂજ્ય શ્રીમોટાના જીવનદર્શનનું અનુશીલન કરવાથી કહી શકાય કે જ્યારે પ્રભુ કોઈ પણ જનના જીવનમાં કૃપા કરવાના હોય, પગલાં પાડવાના હોય ત્યારે તેના દિલમાં પ્રાર્થના કરવાનો ભાવ પ્રબલભાવ અનિવાર્ય પણે જાગે છે. તેનાથી પ્રાર્થના કર્યા વગર રહી શકાતું નથી. **'સાવિત્રી'** મહાકાવ્યમાં શ્રીઅરવિંદની વાણી છે કે પ્રાર્થના માનવની શક્તિનું અનુસંધાન પરમ સર્જક શક્તિ સાથે કરાવે છે.

વેદકાળના ઋષિઓ સનાતન સત્યોને નરી આંખે જોઈ શકતા અને સાંભળી પણ શકતા. શ્રીમોટાએ પણ પોતાના સાધનામય જીવન દરમિયાન આંતરચક્ષુઓથી જે જોયું છે, અનુભવ્યું છે, જેનો સાક્ષાત્કાર કર્યો છે તેનું જ આલેખન અને આચરણ તેમણે કર્યું છે. પૂજ્ય શ્રીમોટાએ જ્યાં જ્યાં કથન કર્યું છે તે સર્વ આચરણનિષ્ઠ અને પવિત્ર છે અને તેથી જ શાતા આપે છે. પૂજ્ય શ્રીમોટાની વાણી તેમના આધ્યાત્મિક જીવનની પ્રયોગશાળામાંથી અનાયાસ પ્રભાવિત થયેલી સહજ વાણી છે. **કરણી અને કથનીની એકતાભરી જીવનપ્રસૂત વાણી એ દિવ્ય વાણી છે.**

'જેમ પાણીમાં કપડાંને અને શરીરને ધોવાથી તેનો મેલ જતો રહે છે તેમ ઈશ્વરને અંતઃકરણમાંથી પ્રાર્થના કરવાથી મનનો મેલ સાફ થાય છે, બુદ્ધિ અને પ્રાણ નિર્મળ બને છે. પ્રાર્થનાથી મન અને પ્રાણ સ્વચ્છ અને શુદ્ધ રહે છે. પ્રાર્થના કરવાની ટેવ એ સૌથી સારી અને જરૂરી ટેવ છે.'

પૂજ્ય શ્રીમોટાનું કથન છે કે પ્રાર્થના ઘણા ઘણા ભાવથી થવી જોઈએ. જે કોઈ નમ્રતાથી, પ્રેમથી, શ્રદ્ધાથી પ્રાર્થના કરે છે, તેનું જીવન તેજસ્વી બને છે.

'આપણી પોતાની જ પ્રાર્થના' વિશેના પૂજ્ય શ્રીમોટાના વિચારો વિશેષ મનનીય છે. અન્ય સંતભક્તોએ કરેલી પ્રાર્થના અને પોતાના માટેની જરૂરી પ્રાર્થના વચ્ચે રહેલા માનસિક ભેદનું નિરૂપણ કરતાં તેઓશ્રી કહે છે કે બીજાઓથી થયેલી પ્રાર્થના-ગદ્યમાં કે પદ્યમાં ઘણીવાર ઉત્કટ ભાવ પ્રગટ કરી શકતી નથી, કારણ કે તે પ્રાર્થનાઓ કે ભજનરચનાઓ સમયની તેમની તે સમયની અંતર્દશા આપણામાં જાગેલી હોતી નથી. એટલે ખરી રીતે તો આપણે આપણી પોતાની જેવી સ્થિતિ હોય તેવી સ્થિતિને મઠારવાને માટે આપણને જેમ યોગ્ય સૂઝે તેમ આપણી પોતાની તે તે કાળે થયેલી આંતરદશાને યોગ્ય પ્રાર્થના કરીએ.

સાધનાનો મર્મ સમજાવતાં પૂજ્ય શ્રીમોટા દૈનિક જીવનના સામાન્યમાં સામાન્ય કાર્યોમાં પ્રાર્થનાનો વિનિયોગ કરવા જણાવે છે. જેમ કે, 'જમતી વખતે, પાણી પીતી વખતે, જીવનમાં ચેતનાશક્તિના અવતરણભાવની પ્રાર્થના કરવી. શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.'

પૂજ્ય શ્રીમોટાનું નામ ઘણાં વર્ષોથી સાંભળેલું પરંતુ તેમનાં પ્રત્યક્ષ દર્શન તો તા. ૬-૧૨-૧૯૬૯ના રોજ ડૉ. ઠાકોરભાઈ પટેલના સુપુત્રના લગ્ન પ્રસંગે તેમના ગામ મુંજ મહુડા ખાતે થયાં હતાં. માથા ઉપર સફેદ ફાળિયું, કમર સુધી ઉઘાડું શરીર ઉપર ઉપવસ્ત્ર અને કમરથી તે પગ સુધી ધવલ ધોતી પરિધાન કરેલ હતી. તેમની ઘઉંવર્ણી કાયામાંથી પવિત્રતા, શાતા અને પ્રસન્નતાનાં આંદોલનો વહી રહ્યાં હતાં. આજે પણ એ સ્મરણ પુલકિત કરી રહ્યું છે.

'અર્ઘ્ય', પ્ર.આ. પૃ. ૧૩૯ ❑

## (૧૩) એ તો સદ્‌ગુરુની લીલા છે

**શ્રી કાર્તિકેય અ. ભટ્ટ**

*(પૂજ્ય શ્રીમોટાના વ્હાલા સ્વજન પ્રો. શ્યામ સુંદર ગુપ્તા (એસ.એસ.ગુપ્તા) તા. ૨૭-૨-૨૦૨૩ના રોજ શ્રીમોટાશરણ પામેલ છે. તેઓશ્રીના નડિયાદ આશ્રમ ખાતેના મૌનમંદિરમાં ૨૧ દિવસની સાધના માટે બેઠા હતા ત્યારે જે પ્રસંગ બનેલ તેની વિગત 'હરિભાવ'ના માહે એપ્રિલ ૨૦૨૨ના અંકમાં પ્રકાશિત થયેલ હતી. તે સદ્‌ગતશ્રીને શ્રદ્ધાંજલિ સ્વરૂપે આ અંકમાં પુનઃપ્રકાશિત કરીએ છીએ. - **સંપાદક**)*

અંગ્રેજી વિષયના પ્રાધ્યાપક શ્યામસુંદર ગુપ્તા ૧૯૬૧ના મે મહિનામાં નડિયાદના મૌનમંદિરમાં ૨૧ દિવસની સાધના માટે બેઠા. આ દિવસો દરમિયાન એક રાત્રે એમને એક સ્વપ્ન આવ્યું. જેને એક પ્રકારનું દર્શન પણ કહી શકાય. સફેદ પહેરણ, ધોતિયું અને માથા પર પાઘડી પહેરલ એક સંન્યાસી તેમને દેખાયા તથા અંગ્રેજી ભાષામાં આ સંન્યાસીએ પ્રા.ગુપ્તાને કહ્યું. ''બેટા જાગૃત થા, અને પ્રભુસ્મરણ કર, એ જ યોગ છે, અને નિર્વાણ પ્રાપ્ત કરવાનો સૌથી સીધો અને સરળ માર્ગ છે.''

મૌનમાંથી બહાર આવ્યા પછી પ્રા. ગુપ્તાએ શ્રીમોટાને આ સ્વપ્નની વાત કરી અને પ્રશ્ન કર્યો કે, ''મોટા સ્વપ્નમાં દેખાયેલ આ વ્યક્તિ કોણ હતી ?'' ત્યારે શ્રીમોટાએ એમને કહ્યું કે એ સંન્યાસી શ્રીમોટા પોતે જ હતા અને પ્રેરણા આપવા કાજે એ વેષ ધરીને આવ્યા હતા. શ્રી ગુપ્તાએ મોટાને પ્રશ્ન કર્યો કે, "તમે તમારું આ રૂપ મને કેમ ન દેખાડ્યું ?" ત્યારે શ્રીમોટાએ તેનો ઉત્તર આપતા કહ્યું કે ''એ તો સદ્‌ગુરુની લીલા છે. મારા ગુરુમહારાજ પણ આમ જ કરતા હતા.''

શ્રીમોટાની આ સમજૂતીથી શ્રી ગુપ્તાની શંકાનું સમાધાન થયું નહિ. બે મહિના પછી હિમાચલ પ્રદેશની 'ગુરુરામરાય' કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપકના પદ માટે ઈન્ટરવ્યૂ આપવા જવાનું થયું આ માટે એમને ગુરુરામરાય દરબારના મુખ્ય મંહત શ્રી ઈન્દરેશચરણ દાસને મળવાનું હતું. શ્રી ગુપ્તાના કાકા એન.એન. ગોએલ (દહેરાદૂનના વિદ્વાન એડવોકેટ) આ મહંતના સહાધ્યાયી હતા આથી તેઓ એમના કાકાને સાથે લઈને આ મહંતની મુલાકાતે ગયા. આ મહંતને જોતાવેંત જ તે પારખી ગયા કે મૌન એકાંત દરમિયાન જે યુવાન સંન્યાસીના એમણે સ્વપ્નમાં દર્શન કર્યાં હતાં તે આજ હતા ! સુંદર અંગ્રેજી ભાષામાં વાત કરતા આ મંહત અંગ્રેજી વિષય સાથે એમ.એ. થયેલા હતાં તથા સ્વપ્નમાં જે પોષાકમાં પ્રા.ગુપ્તાએ તેમને જોયા હતા એ જ પોષાક એમણે ધારણ કર્યો હતો. ગુપ્તાએ ભારે મૂંઝવણ અનુભવી.

બીજે દિવસે મહંતશ્રીની સૂચના મુજબ ગુપ્તા એમને મળવા ગયા. શ્રીમોટાએ આપેલ સ્વપ્ન-

દર્શનની સમજૂતીની વાત કર્યા વગર ગુપ્તાએ એ મહંતને પોતાના સ્વપ્નદર્શનની વાત કરી, ત્યારે મહંતે આપેલો ઉત્તર શ્રીમોટાની વાતને અનુમોદન આપે છે. મહંતે ગુપ્તાને કહ્યું, ''ગુપ્તાજી, આવાં દર્શનો હંમેશાં પારસ્પરિક હોય છે, તમે તમારા સ્વપ્નમાં મને જોયો એનો મને આનંદ છે, પણ મને તમારું દર્શન થયું નથી. એનો અર્થ એવો નથી કે તમારું દર્શન ખોટું કે આધાર વિનાનું છે, પ્રભુ એના ભક્તને પોતાની પસંદગીનું દર્શન આપીને પ્રેરે છે.'' શ્રીમોટાએ આ વેષમાં પ્રા. ગુપ્તાને દર્શન આપ્યા હતાં એ વાતની સ્પષ્ટતા પ્રા. ગુપ્તાને થઈ ગઈ. આ પ્રસંગ વાંચ્યા પછી એવું ના થવું જોઈએ કે ''ન ઓળખ્યા ભગવંતને ?'' શ્રીમોટાને શતશત પ્રણામ.

અત્રે એક નોંધપાત્ર હકીકતની વાત કરીને આ વિષયનું સમાપન કરીશું. પ્રો. શ્યામસુંદર ગુપ્તાએ શ્રીમોટાની સૂચના, આશીર્વાદ અને દોરવણીથી પોતાના ફિરોઝપુરના ઘરમાં મૌનમંદિરની સ્થાપના કરી હતી જેનો અમૂલ્ય લાભ દેશ-વિદેશના કેટલાક ભક્તોએ લીધો હતો. વૃંદાવનના એક સ્વામીએ આ મૌનમંદિરની મુલાકાત લઈને આ મૌનમંદિરને 'આધ્યાત્મિક વિજ્ઞાનની વિલક્ષણ પ્રયોગશાળા' તરીકે બિરદાવ્યું હતું. ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | રેક્સ ઈન્સ્ટ્રુમેન્ટસ | વડોદરા | ૫,૦૦૦/- |
| ૨. | કુસુમબહેન અશોકકુમાર પટેલ | નરોડા | ૨,૦૦૦/- |
| ૩. | જ્યોતિન્દ્રભાઈ જે. મહેતા<br>દેવર્ષ રોનક મહેતાના જન્મદિન (૧-૪) નિમિત્તે રૂ. ૫૦૧ તથા<br>નિત્યા રોનક મહેતાના જન્મદિન (૨૩-૪) નિમિત્તે રૂ. ૫૦૧ | અમદાવાદ | ૧,૦૦૨/- |
| ૪. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૫. | ભરતભાઈ હસમુખલાલ જોગી<br>પૂ. માતૃશ્રીની પુણ્યતિથિ નિમિત્તે | સુરત | ૫૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

## (૧૪) મેરુ રે ડગે પણ જેનાં મનડા ડગે નહિ

શ્રી એચ. જે. શુક્લ, આણંદ

વિદ્યાગનરનિવાસી, પૂજ્ય શ્રીમોટાના પરમ ભક્ત શ્રી વિનુભાઈ સુથાર, જેઓ અવાર-નવાર મૌનમાં બેસે છે. તેમનો એકનોએક પુત્ર કૃણાલ જે પણ ઘણી વખત મૌન એકાંતનો લાભ લેતો હતો. તે તા. ૨૦-૦૨-૨૦૨૩ના રોજ ચોટીલા પાસે કાર અકસ્માતમાં અવસાન પામેલ છે. આગલા દિવસે નડિયાદ આશ્રમે દર્શન કર્યા, ડાકોર દર્શન કર્યા હતા તથા રાત્રે નવા લેપટોપમાં પૂજ્ય શ્રીમોટાની પ્રાર્થનાપોથી ડાઉનલોડ કરી પરિવાર સાથે પ્રાર્થના કરી હતી. સાંત્વના આપવા વિદ્યાનગર જવાનું થયેલ હતું ત્યારે ધ્યાન ખેંચતી બાબત જણાઈ હતી કે આવી પહેલી આવી મોટી આપત્તિમાં પણ વિનુભાઈના ચહેરા પર મૃદુ ધીર ગંભીર સ્મિત અને સતત 'હરિઃૐ' મંત્રનું સ્મરણ હતું. અન્ય સગાવહાલા સાથે વાતચીત થતી હતી. લગભગ એકાદ કલાકના રોકાણમાં આભા બની જવાય તેવી હકીકતની જાણ થઈ. કદાચ આને જ સ્થિતપ્રજ્ઞની અવસ્થા કહેવાતી હશે.

આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે તેઓએ જણાવ્યું કે 'મારા ધર્મપત્નીએ કહ્યું છે કે તમને જ્યારે પણ ઈચ્છા થાય ત્યારે મૌનમંદિરમાં બેસી શકો છો, વહેવારનું કામ હું સંભાળી લઈશ. તમારા આધ્યાત્મિક કાર્યમાં તમે આગળ વધો.' વધુમાં જણાવ્યું કે કોરોના સમય દરમ્યાન તેઓનાં પત્નીને મોતના મુખમાંથી પૂજ્ય શ્રીમોટાએ જ બચાવ્યા હતા. ડૉક્ટરો જ્યારે હિંમત હારી ગયા અને આ કેસમાં વધુ કોઈ આશા જણાતી નહોતી ત્યારે શ્રી વિનુભાઈ સુથારે પત્નીને કોરોનામાંથી જીવનદાન આપવા માટે પૂજ્ય શ્રીમોટાને પ્રાર્થના કરી હતી. જેથી નવું જીવન મળ્યું હતું. સાથે સાથે પૂજ્ય શ્રીમોટાને વચન આપ્યું હતું કે આ છેલ્લીવાર તમારી પાસે માંગું છું હવે પછી કદી નહિ માંગું. ત્યારબાદ તેમના પુત્રની રોડ અકસ્માતમાં થયેલ નાજુક સ્થિતિનો પ્રસંગ આવ્યો. પુત્ર જન્મમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો પણ શ્રી વિનુભાઈ પૂજ્ય શ્રીમોટાને આપેલ વચનમાં અડીખમ રહ્યા અને પૂજ્ય શ્રીમોટાને જેમ કરવું હોય તેમ કરે પણ પુત્રના આયુષ્ય માટે કાકલૂદી ન કરી તે ન જ કરી. આવી મળેલ પરિસ્થિતિ સ્વીકારી લીધી. ધન્ય છે તેમની નિષ્ઠાને અને વચનપાલનની ભાવનાને તથા પૂજ્ય શ્રીમોટા પરની આસ્થાને.

પૂજ્ય શ્રીમોટા, ભાઈ કૃણાલના આત્માને ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરાવે અને શ્રી વિનુભાઈ સુથાર પરિવારને ઓચિંતા આવી પડેલ દુઃખને જીરવવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

શાર્દૂલવિક્રીડિત

જાણું, એક જ તું પ્રભુ ! જગતમાં આનંદનું ધામ છે,
તો આસ્વાદ લીધા વિના ઉર પૂરો એનો ઠરું શેં હવે !
મારું હું બળ વાપરીશ સઘળું, જંપી ન બેસીશ હું,
મારા પ્રાણ છૂટી જતા પણ ભલે હું લૈશ ધાર્યું પ્રભુ !

'ભગતમાં ભગવાન', ૬ઠ્ઠી આ, પૃ.૧૦૧ - **શ્રીમોટા**

॥ પરમ પૂજ્ય શ્રીમોટાની કૃપા ॥

## પૂજ્ય શ્રીઝીણાકાકાના ૯૭મા જન્મદિનની ઉજવણી

**મિલન સમારંભ**

**રવિવાર, તા. ૦૭-૦૫-૨૦૨૩**

હરિઃૐ

સ્નેહીશ્રી, ...........................................................

વૈશાખ વદ બીજને રવિવાર તા. ૦૭-૦૫-૨૦૨૩ના રોજ પૂજ્ય શ્રીઝીણાકાકાના ૯૭મા જન્મદિન નિમિત્તે લવાછા ચોર્યાસી પ્રાથમિક શાળાના પટાંગણમાં સત્સંગ મિલન સમારંભ રાખવામાં આવેલ છે. જેમાં આપ સૌને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. આ આમંત્રણને સહર્ષ સ્વીકારી સત્સંગનો લાભ લેવા અવશ્ય પધારશોજી.

**: કાર્યક્રમ :**

રવિવાર, તા. ૦૭-૦૫-૨૦૨૩

| | |
|---|---|
| સવારે ૦૮.૦૦ થી ૦૮.૪૫ | : હરિઃૐ ધૂન (લવાછા હરિઃૐ મંડળ) |
| સવારે ૮.૪૫ થી ૯.૩૦ | : પરમ પૂજ્ય શ્રીમોટાની સમૂહ પ્રાર્થના આરતી તથા પૂજ્ય શ્રીઝીણાકાકાની ભાવાંજલિ |
| સવારે ૯.૩૦ થી ૧૦.૪૫ | : ભજનો |
| સવારે ૧૦.૪૫ થી ૧૧.૦૦ | : પૂજ્ય શ્રીઝીણાકાકાનો વાર્તાલાપ (કેસેટ) |
| સવારે ૧૧.૦૦ થી ૧૧.૧૫ | : આભાર વિધિ - શ્રી છગનભાઈ એચ. પટેલ |
| સવારે ૧૧.૧૫ થી ૧૨.૦૦ | : ગુરુવંદના |
| બપોરે ૧૨.૦૦ થી ૦૧.૦૦ | : પ્રસાદ |

**: ઉજવણી સ્થળ :**

લવાછા ચોર્યાસી પ્રાથમિક શાળા, તા. ઓલપાડ, જિ. સુરત. મો. ૯૯૨૫૨ ૨૯૮૯૬

**: સ્નેહાધીન :**

**શ્રી વૈભવકુમાર નરેન્દ્રભાઈ પટેલ (સિંગાપોર)**

**શ્રીમતી ક્રિષ્ના વૈભવકુમાર પટેલ**

**કુમારી મિષ્ટી વૈભવકુમાર પટેલ**

**શ્રી કોકો વૈભવકુમાર પટેલ**

તેમજ સમસ્ત ગ્રામજનો લવાછાગામ, તા. ઓલપાડ, મો. ૯૮૨૫૬ ૯૬૩૫૦

**તા.ક. : સુરતથી આવનાર સ્વજનોએ મોરાભાગળ, સુભાષબાગથી સીધા દાંડી રોડ ઉપર આવી લવાછા શ્રી ઝેડ.એમ.પટેલ વિદ્યાલય પાસેથી ડાબી બાજુએ વળવું.**



'પુરુષો કરતાં સ્ત્રીઓ સમાજમાં ઘણું સહન કરે છે અને ઘણો ત્યાગ કરે છે. એ હજી આપણા હૃદયમાં ઊતર્યું નથી....'

માથે ગમે તેવા ઝંઝાવાતો ઝઝૂમતા હોય, તોયે પત્ની પ્રત્યે કડવાશ ઊભી થવા દેશો નહિ. મારું એટલું ઋણ જો તમે અદા કરશો, તો હું તમારો જિંદગીભરનો સેવક થઈ રહીશ.

બહેનોની જેટલી આશિષ મળશે, એ મારે મન ભગવાનની દુઆ બરાબર છે.

'જીવન પગથી', પાંચમી આવૃત્તિ, પૃ. ૧૬૧ - શ્રીમોટા

**HARIBHAV, APRIL, 2023**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023



**જેટલી મહત્તા શ્રેષ્ઠ યોગગ્રંથોની છે, તેના કરતાં અનેકગણી મહત્તા સિદ્ધયોગીઓની છે. એવા પરમશ્રદ્ધેય સિદ્ધયોગીની ગણના 'આપ્તપુરુષ'માં કરવામાં આવે છે.**

**આપ્તપુરુષ એટલે સત્યનો સાક્ષાત્કાર પામેલા મહાપુરુષ.**

**- યોગાચાર્ય સ્વામી કૃપાલ્વાનંદ**

*'આસન અને મુદ્રા', પ્ર. આ., પૃ. ૧૫૭*

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007